Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

The Atmanand Prakash. REGISTRED No. B. 431.

श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

श्रीमत् सम्यक्त्वरत्नं जिनमतललितं ज्ञानरत्नं गरिष्टं
शुद्ध सद्वृत्तरत्नं भविजनसुखदं सारसंवेगरत्नम् ।
सद्भावाध्यात्मरत्नं गुणगणखचितं तत्वसद्बोधरत्नं
आत्मानंदप्रकाशो दधिपरिमथनात् वाचकाः प्राप्नुवान्ति॥१॥

पु. १४. } वीर संवत् २४४३ चैत्र. आत्म सं. २१. } अंक ९ मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી પ્રભુ સ્તુતિ. (સંસ્કૃત) ... | ૨૦૩ | ૬ | યોગસ્વરૂપ. (પદ્ય) ... ... | ૨૨૫ |
| ૨ | પ્રબોધક પદ. ... ... | ૨૦૪ | ૭ | દેવ, ગુરૂ અને ધર્મ પ્રત્યે કેવો | |
| ૩ | મૃત્યુ. ... ... ... | ૨૦૪ | ૮ | અવિહડ પ્રેમ હોવો જોઇએ?... | ૨૨૬ |
| ૪ | જૈન ઐતિહાસિક સાહિત્ય. | ૨૧૫ | ૯ | એક આર્યસમાજકા મહા મૃ- | |
| ૫ | ધર્મારાધન. ... ... ... | ૨૨૦ | | ષાવાદ. ... ... ... | ૨૨૮ |


વાર્ષિક મૂલ્ય રૂા. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારા માનવંતા ગ્રાહકોને ખુશખબર.

## ચૌદમા વર્ષની અપૂર્વ ભેટ.

# શ્રી અનુયોગદ્વાર સૂત્રનો સંક્ષિપ્ત સારાંશ.

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવા રજા લઈએ છીએ કે આ માસિકનું આ ચૌદમું વર્ષ ચાલતું હોવાથી જેના નવ અંકો પ્રસિદ્ધ થઈ ચુકયા છે, જેથી દર વર્ષ મુજબ આ વર્ષે પણ ધારા મુજબ પ્રત્યેક જૈન બંધુઓ અને બ્હેનોને પઠન-પાઠનમાં ઉપયોગી અવશ્ય જ્ઞેય, યોગ્ય દ્રવ્યાનુયોગનો (આગમનું રહસ્ય જણાવનાર) ખરેખરો ઉપયોગી **શ્રી અનુયોગદ્વાર સૂત્ર સંક્ષિપ્ત સારાંશ** ગ્રંથ અમારા કદરદાન ગ્રાહકોને આ વર્ષની ભેટની બુક તરીકે આપવાનું પસંદ કરવામાં આવ્યું છે.

આ ગ્રંથ સિદ્ધાંતનો છે તે સૂત્રના કર્ત્તા શ્રીમાન **સુધર્મગણધર મહારાજ** છે. તેમજ આ સૂત્રની ટીકાના કર્ત્તા શ્રીમાન મલધારી શ્રી હેમચંદ્રસૂરિ મહારાજ કે જે નવાંગી ટીકાકાર મહારાજ શ્રી અભયદેવસૂરિ મહારાજના શિષ્ય છે. હાલમાં ચાલતી આગમવાચનામાં પંન્યાસજી શ્રી દેવવિજયજી મહારાજે આ સિદ્ધાંતનો બોધ ગ્રહણ કરેલો તેના રહસ્ય-સંક્ષિપ્ત સારાંશરૂપે અન્ય જૈન બંધુઓને લાભ આપવાના ઇરાદાથી આ કૃતિ માટે સ્તુત્ય પ્રયત્ન કર્યો છે.

આ મુજબ પૂર્વાચાર્યના બનાવેલ સૂત્રની મૂળ તથા ટીકામાંથી ઉદ્ધાર કરી સારાંશ ખેંચી આ ગ્રંથની યોજના કરેલી છે, આ સૂત્ર દરેક શાસ્ત્રની કુંચીરૂપ છે અને જ્યાંસુધી કુંચી હાથમાં ન આવી હોય ત્યાંસુધી નગરમાં પ્રવેશ કદીપણ થઇ શકતો નથી, જેથી સિદ્ધાંતરૂપ નગરમાં પ્રવેશ કરવાને માટે આ સૂત્ર-આ ગ્રંથ એક ચાવીરૂપ છે. જેથી આ સૂત્રમાં જ્યાંસુધી પ્રવેશ થયો ન હોય ત્યાંસુધી સિદ્ધાંત સંબંધી રહસ્યો આપણે કદીપણ સમજી શકવાના નથી તેથી જ સ્વલ્પ બુદ્ધિવાળા જીવોને સિદ્ધાંતમાં પ્રવેશ થવા માટે નિસરણીરૂપ અને અત્યારે સૂત્રોની અંદર પ્રવેશ કરવાના ઉત્સાહીત થયેલા જૈન બંધુઓને સૂત્રની અંદર રહેલા અપૂર્વ રહસ્યની પ્રાસાદિરૂપ હોવાથી, આ ગ્રંથના પઠનથી સિદ્ધાંતના રહસ્ય જાણનારા ગ્રાહકોના હૃદયમાં સૂત્રો ઉપર બહુ માન પ્રગટ થવા સાથે ભવિષ્યમાં તે વાંચવાની યોગ્યતા પ્રાપ્ત કરી શકે તેવું છે.

આ ગ્રંથમાં ઉક્ત મહાત્માએ એવો તો સરસ અનુક્રમ ગોઠવ્યો છે કે સિદ્ધાંતમાં પ્રવેશ કરનાર ઇચ્છકને અનેક બારી બારણારૂપ માલુમ પડે તેમ છે અને વાંચનારને આનંદ સાથે સમજવામાં સરલ થઇ પડે તેવો છે. ટુંકમાં આ ગ્રંથનો ક્રમ જીવવિચારાદિના પ્રકરણોની માફક ગોઠવવામાં આવેલો હોવાથી અલ્પ સમયમાં દરેક જીજ્ઞાસુને સમજ પાડવા સાથે સિદ્ધાંતમાં પ્રવેશ થવા સાથે શ્રવણ કરવાને પણ જરા પણ મુશ્કેલી રહેશે નહીં.

સિદ્ધાંતના તત્ત્વોનું યથાસ્થિત જ્ઞાન કરવા માટે આ ગ્રંથ ખરેખર ભોમીયા સમાન છે. તેટલુંજ નહિ પરંતુ પરમપદ ( મોક્ષ ) પ્રાપ્ત કરવા માટે આ ગ્રંથ એક અપૂર્વ નૌકા સમાન છે.

**હાલમાં ચાલતા મહાન્ યુદ્ધને લઇને કાગળો વગેરે છાપવાના તમામ સાહિત્યની ઘણીજ હદ ઉપરાંત મોંઘવારી છતાં દર વર્ષે ધારા મુજબ નિયમીત ભેટની બુક આપવાનો ક્રમ માત્ર અમોએ ચાલુ રાખ્યો છે તે અમારા સુજ્ઞ બંધુઓના ધ્યાન બ્હાર હશે જ નહિ.**

નવ માસ થયા ગ્રાહકો થઇ રહેલા અને તેમાં આવતા વિવિધ વિષયોનો આસ્વાદ લેનારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात॰ पीडितेन तदपनयनाय हेयोपादेय-पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १४ ] वीर संवत् २४४३, चैत्र आत्म संवत् २१. [ अंक ९ मो.

## प्रभु स्तुति.

( गजल. )

करुणा सुधाभिभरितं, चरितं हि तावकीनम् । करुणा॰
ज्ञानेन्दिरा विलासिन्, त्यक्तेन्दिरेण स्वामिन् ।
कुर्वात्मरूपगामिन्, मम रूपमात्मनीनम् ॥ करुणा॰ १
बद्धोऽस्मि मोह जाले, महा दुःख दे कराले ।
मिलितोऽसि नाथकाले, कुरुबंधनैर्विहीनम् ॥ करुणा॰ २
विषयेषु जातुदग्नं, दीनं सदाहि मग्नं ।
अधुना तवांघ्रि लग्नं, कुरु नाथ मामदीनम् ॥ करुणा॰ ३
धेहि कृपा कृपालो, देहि सुखं दयालो ।
नाशं प्रयातु कालो, हृष्ट्वांधकार इनम् ॥ करुणा॰ ४
वल्लभ देव चरणे, हर्षात्म लक्ष्मी करणे ।
हर्तुं स्वजन्म मरणे, मन एव मे विलीनम् ॥ करुणा॰ ५

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રબોધક પદ.

રાગ ભેરવી–આખી આલમને ઠગનારી–એ રાગ.

**મન ભમરા ભૂલ્યો ભવ બાજી, જગ જંજાળથી રહ્યો રાજી—ટેક.**

[1]અલી [2]કજ પાયો, મોહે મુંઝાયો, (૨) કાળ મતંગ[3] મુખ ઝડપાયો,
મનકી રહી મનમાંજી, મન ભમરા ભૂલ્યો૦ ૧
નીર ન પાયો તીર ન પાયો, (૨) મસ્તહસ્તી ભવ [4]કીચ ફસાયો,
વ્યર્થ કરે પતરાજી, મન ભમરા ભૂલ્યો૦ ૨
[5]વ્યાલ વિંટાયો ભવ કુપ પાયો, (૨) [6]મધુબિંદુમાં મન લલચાયો,
અધર રહ્યો તરૂ બાઝી. મન ભમરા ભૂલ્યો૦ ૩
આધી ઉપાધી વળી [7]વપુ વ્યાધિ, (૨) રહી ન સમાધી સુ કરણી ન સાધી,
હાર્યો બાજી પાજી, મન ભમરા ભૂલ્યો૦ ૪
ભવ આથડીયો પુણ્ય પ્રબળીયો, (૨) નરભવ ચિંતામણી કર ચડીયો,
કાગ ઉડાડે ગાજી, મન ભમરા ભૂલ્યો૦ ૫
કર શુભ કરણી ભવ નિસ્તરણી, **સાંકળચંદ** સમય અનુસરણી,
બાજી કર બધી તાજી, મન ભમરા ભૂલ્યો૦ ૬

# મૃત્યુ.

સમસ્ત વિશ્વ મૃત્યુની ભ્રાન્તિને વશ બનેલુ છે. જે વસ્તુજ નથી તે વસ્તુથી જગત નકામુ ભડકયા કરે છે. “ મૃત્યુ ” નામની કહેવાતી અવસ્થાને જે જે ઉક્તિઓથી સંબોધવામાં આવે છે, તેમાંજ એ ભ્રાન્તિનો આપણને પરિચય મળે છે. દુનીઆ જેને ડાહ્યા અને સમજુ મનુષ્યો ધારે છે એવા મનુષ્યો પણ “ મૃત્યુ ” નામથી ઓળખાતા બનાવને વિવિધ જાતના નામ અર્પે છે. અને જુદા જુદા પ્રકારે વાકય રચના ઘટાવીને એ બનાવમાં નવો નવો અર્થ આરોપી આસપાસના સમુદાયમાં ભય, અજ્ઞાન અને કલેશનું વાતાવરણ ફેલાવે છે. કોઇ માણસ અકાળે “ મરી જાય ” એ વ્યતિકરનું આવા ડાહ્યા જનો લ્હેકાવી લ્હેકાવીને વર્ણન કરે છે, તેઓ કહે છે કે “ કાળ એ બિચારાનો કોળીઓ કરી ગયો ” અથવા “ એ બિચારાને ક્રૂર

૧ ભમરો. ૨ કમળ. ૩ હાથી. ૪ ભવ–કાદવ. ૫ સાપ. ૬ મધનું ટીપું. ૭ શરીર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યમરાજાએ તેના જીવનના વસંત કાળમાં ઝડપી લીધો" અથવા "તેની સમસ્ત પ્રવૃતિનો એકાએક અંત આવી ગયો" અથવા "તેના જીવન કાર્યની પૂર્ણાહુતિ થઇ ગઇ" આવા વર્ણનો ઉપરથી કોઇ અજાણ્યા માણસને તો એવોજ ખ્યાલ આવે કે એ "મરનાર" આત્માનો જાણે કે અસ્તિત્વમાંથી સમુળગો લોપ થયો, શુન્યતામાં તે પરિણમી ગયો અને વિધિ વાક્ય વડે તે આત્મા સંબોધાતો હવેથી બંધ પડી ગયો.

આપણા શાસ્ત્રો કહે છે કે જીવન એક સળંગ, અસ્ખલીત, અવિચ્છિન્ન વ્યાપાર છે. માત્ર જીવન પ્રવૃતિનો પ્રદેશજ બદલાય છે. જો કે નિશ્ચય દ્દષ્ટિ અથવા નિરપેક્ષ પરમાત્મ દૃષ્ટિબિંદુ ( stand point of the absolute ) થી જોતાં સ્થળ, કાળ કે કાર્ય–કારણ ( time, space and causation ) કશુ છેજ નહી છતાં આપણા સામાન્ય અનુભવમાં આવતા વ્યવહારના ( Relatime standpoint ) દૃષ્ટિબિંદુથી જોતાં પણ "મૃત્યુ" એ માત્ર સ્થળ કે જીવન પ્રવૃત્તિનો અંતરજ છે. પરંતુ વિમોહના પ્રાબલ્યથી આ નિશ્ચય આપણા અંતઃકરણમાં નભી શકતો નથી.

"મૃત્યુ"ની ભ્રાન્તિ એટલી હદે આપણામાં વ્યાપી ગએલી છે કે એ નામ સાંભળીને આપણે કંપી ઉઠીએ છીએ. શાસ્ત્રોમાં પગલે પગલે પુનર્જન્મ અને સ્વર્ગાદિ લોકનું વર્ણન કરેલું છે. અને જીવન જુદા જુદા રૂપે કાયમજ રહે છે એમ ભાર મૂકીને પ્રતિબોધે છે, છતાં લોકોને તેની પ્રતીતિ મુદ્દલ આવતી નથી. આ લોકમાં જે આત્માનું આચરણ ઉત્તમ પ્રકારનું હોય તે નિયમ વડેજ પરલોકમાં ઉત્તમ ગતિ મેળવેજ એમ તેઓ મોઢેથી કબુલ કરે છે છતાં તેમની રીતભાતમાં એ મોઢાની કબુલાતનો મુદ્દલ પરિચય મળતો નથી. ઉત્તમ ગતિને તેમનો કોઇ સગો સંબંધી પ્રાપ્ત થએલ છે, એ નિશ્ચયથી તેમને જે આનંદ અને સુખ અનુભવાવું જોઇએ તેની લેશ પણ નિશાની તેમના મુખ ઉપર જોવામાં આવતી નથી. ચોથા ગુણસ્થાનકે બિરાજવાનો દાવો રાખનાર અને શાસ્ત્રોમાં પ્રતિબોધેલા સિદ્ધાંત વાણીમાં પાકકો ભરૂંસો હોવાનું જાહેરનામુ ફેરવનાર લોક મંડળમાંથી કેટલા થોડા મનુષ્યો મૃત્યુની ભ્રાન્તિથી રહિત છે, એ પ્રત્યેક વાચક પોતાના અંતઃકરણને ખુદ જોશે તો ત્યાંથી ઉત્તર મળશે. સમકિત અથવા શાસ્ત્ર નિશ્ચય હૃદયમાં જામેલો હોય અને જે વર્તન થવું જોઇએ, તેનાથી વિપરીત વર્તન થતું જોઇ અમને એમજ માનવું પડે છે કે આ કાળે સમકિતી મહાજનોની સંખ્યા ધારવામાં આવે છે, તેનાથી હજારો ગણી ન્યુન છે. શ્રાવક કુળમાં અવતાર પામવાથી કદાચ ઘણાખરા "જન્મ સમકીતી" હશે પણ "ગુણ સમકીતી" આંગળીને ટેરવે ગણી શકાય તેટલા પણ હશે કે નહી તે પણ શંકા જેવું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્યારે કોઇ અન્ય સૃષ્ટિનો માણસ આવીને આપણા બધા ધર્મશાસ્ત્રના ગ્રંથોની અકેકી નકલ પોતાની સાથે લઇ જાય, અને ત્યાં પોતાની સૃષ્ટિમાં તે છપાવીને તેનો ફેલાવો કરે તો તે વાંચનારા વર્ગ એ પુસ્તકો ઉપરથી એવુંજ અનુમાન કરે કે, જે ભુમિ ઉપર આવા ઉત્તમ ગ્રંથો અમર્યાદપણે વિસ્તાર પામ્યા છે, અને જ્યાં આવું દિવ્ય જ્ઞાન સમુદ્રના પ્રવાહની પેઠે ચોતરફ વ્યાપી ગયું છે, ત્યાં "મૃત્યુ"નો ભય તો ક્યાંથીજ રહેવા પામે ! એવા દેશમાં પ્રત્યેક અંતઃકરણ પરમ સમાધાન વાળી સ્થિતપ્રજ્ઞ દશામાં વિરાજતુ હોવું જોઇએ અને "મૃત્યુ"ના નામે કશોજ ભય, ક્લેશ, હાયવોય કે રોવું કુટવું એ તો સ્વાલજ શેનો હોય ! જે દેશમાં આવા સેંકડો ગ્રંથો ગામ, નગર કે ગામડામાં ખુણે ખચકે પણ ફરી વળ્યા હોય અને સર્વ વ્યાપક પ્રભુની પેઠે એના વિના કોઇ ઠામ પણ ઠાલુ ન હોય ત્યાં " મૃત્યુ "નો ભય તો બાજુ ઉપર રહ્યો, પણ ઉલટો " મૃત્યુ મહોત્સવ " ઠેર ઠેર ઉજવાતો હોવો જોઇએ; અને જીવન અને મૃત્યુ એવા શબ્દો પણ અર્થહિન હોવા જોઇએ.

આપણા ધર્મશાસ્ત્રના ગ્રંથોને લઇને આપણી તે લોકમાં જે કીમત અંકાય તેના ઉપર આપણને હાસ્ય છુટ્યા વિના રહેજ નહી. તે ભોળા પરલોકવાસીઓને ક્યાંથી ખબર હોય કે અમે લોકો બતાવવાના અને ચાવવાના દાંત જુદા જુદા વેંઢારીએ છીએ ? એ સાદા સીધા અને પ્રમાણીક આત્માઓને ક્યાંથી ભાન હોય કે એ ગ્રંથોના સિદ્ધાંતો પ્રત્યેનો અમારો આદર એ માત્ર દેખાવનો, અને બહુતો ધર્મસ્થાન કે ઉપાશ્રયના ચાર ખુણામાંજ મર્યાદા પામેલો રહે છે ? એમને બિચારાને કોણ ખબર આપે કે એ શાસ્ત્રો તરફની હમારી શ્રદ્ધાનો દાવો તદ્દન પોકળ, ઢોંગી અને કૃત્રીમ છે, અને " મૃત્યુ મહોત્સવ " ને બદલે હમારા કોઇ સગા, સ્નેહી કે મિત્રના "મૃત્યુ"ના પ્રસંગે હમે શોક સુચવનાર પોશાક પહેરીએ છીએ, અને જાણે એ આત્મા નિરંતરના માટે અસ્તિત્વમાંથી ભુંસાઇ ગયો હોય તેમ સમજી તેના માટે ખેદ અનુભવીએ છીએ. શ્રદ્ધા અને શ્રદ્ધાજન્ય કર્તવ્ય વચ્ચે અમારામાં કરોડો ગાઉનો અંતર છે, 'મૃત્યુ' છેજ નહી છતાં તેનો ત્રાસ અમારા હૃદયમાંથી ક્ષણ પણ ખસતો નથી, અને એ બનાવનું નામ સાંભળતાં અમે ધ્રુજી ઉઠીએ છીએ.

"મૃત્યુ" એ માત્ર અજ્ઞાનજન્ય ભ્રાન્તિ હોવાનું જેમને ભાન થયું છે, તેમને મન એ મૃત્યુનો કશો ભયકારક અર્થ હોતો નથી. માત્ર સ્થાનાંતર, અને પ્રવૃતિના પ્રદેશનું પરિવર્તન, એ શિવાય તેમને મન કશોજ ફેરફાર એ બનાવથી જણાતો નથી. કદાચ તેમને ક્ષણીક વિયોગજન્ય વિરહનો ખેદ થાય, અને મૈત્રિ અથવા સંબંધનો પ્રત્યક્ષ અભાવ થોડા કાળને માટે લાગે, છતાં તેમના અંતઃકરણમાં દૃઢપણે એટલું તો રહ્યાજ કરે છે કે પોતાનો તે મિત્ર અથવા સંબંધી આ વિશ્વમાંથી ગુમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયો નથી, પરંતુ જીવનની કોઇ બીજી અવસ્થામાં પ્રવેશેલ છે. તેમના અંતઃકરણમાં આવો નિશ્ચય બુદ્ધિજન્ય જ નહી. પરંતુ હૃદયજન્ય હોય છે. અર્થાત્ માત્ર બુદ્ધિ વડે માનવા માત્ર નહી, પણ " નિશ્ચય એમજ છે " એવા પ્રકારનો દ્રઢ અને સ્થિર હોય છે. આથી તેમના અંતઃકરણમાં અજ્ઞાનજન્ય કષ્ટ મુદ્દલ અનુભવાતુ નથી. પરંતુ એમ થવામાં કુદરતનો સુંદર સંકેત છે એમ માની શાંતિ અને સંતોષ અનુભવે છે. આપણે જેને "મૃત્યુ " કહીએ છીએ તે ન હોત તો આ વિશ્વની પ્રગતિ અટકી પડત અને આત્મા પોતાની મહત્વાકાંક્ષા કોઈ રીતે સિદ્ધ કરી શકતજ નહી એમ ડાહ્યા પુરૂષોનો નિશ્ચય હોવાથી તેઓ એ વ્યતિકરમાં કાંઇ અઘટીત અથવા "એમ ન હોત તો સારૂ" એવું કશુંજ જોતા નથી. 'મૃત્યુ' એ માત્ર સળંગ જીવનમાં વિસામારૂપે અથવા એક ગ્રંથના નવા નવા પ્રકરણો રૂપે છે. મૃત્યુ એ જીવનની ત્રુટીઓ નથી પણ બે પ્રકારના જીવનો વચ્ચેનું સંધિસ્થાન રૂપ છે.

વાસ્તવમાં મૃત્યુ એ ઉચ્ચતર જીવનની પૂર્વગામી અવસ્થા છે. પરંતુ આપણું તે સંબંધી અજ્ઞાન એ ભવ્યતર દિશામાં આપણને દૃષ્ટિપાત કરવા દેતું નથી. આ સંબંધમાં અમને એક વાત યાદ આવે છે. એક પ્રકારની ઇયળ થાય છે, તે અમુક કાળ-સુધી ઇયળ (Caterpillar) નું જીવન ભોગવી તેજ ભવમાં પતંગ અથવા ભમરીનું જીવન ભોગવે છે, પરંતુ એ ઇયળ અને પતંગના જીવનની વચમાં એ ઉભય જીવનોની સંધિ રૂપે થોડો વખત તેને નિશ્ચેષ્ટપણે હલ્યા ચલ્યા વિનાનું સ્થિર, બેભાન, જીવન ગાળવું પડે છે. આ અવસ્થાને અંગ્રેજીમાં chrysalis stage અથવા કોશસ્થ જીવન કહેવાય છે. આવી અવસ્થામાં આવતા પહેલા તે ઇયળને મુર્ચ્છા જેવી સ્થિતિ અનુભવાય છે, અને તેને એમ જણાય છે કે હવે હું જીવન ભ્રષ્ટ થઈશ. એક ઇયળને આવી સ્થિતિ નજીક આવતી જણાઇ; જેને આપણે " મોતના ભણકારા " કહીએ છીએ, તેવું તેને જણાવા માડયું, આથી તેણે પોતાના મિત્રો, સગા, વ્હાલા, સબંધીઓ વિગેરેને ભેગા કર્યાં અને પોતાની હવે તુર્તમાં શી અવસ્થા થવાની છે તે સંબંધી એક ભાષણ આપ્યું. ભાષણની ભાષા આપણે કદાચ સમજી ન શકીએ, પરંતુ તેનો અર્થ આ પ્રમાણે હોવો જોઇએ.—

"ભાઈઓ ! હવે મારે મારૂં જીવન ત્યજી દેવાનો પ્રસંગ નજીક આવ્યો છે એ જાણીને જેમ મને દીલગીરી થાય છે તેમ તમને પણ ન્યુનાધિક અંશે થશે જ. મારૂં ભાવિ કેટલી ઉજ્જવળ આશાઓથી ભરપુર અને અનેક રંગી વિવિધ પ્રવૃતિઓથી પરિપૂર્ણ હતું તે મારે તમને કહેવાની જરૂર નથી પરંતુ હવે તે સર્વનો અંત ક્ષણ પછીજ નકી થઈ ચુકયો છે. યુવાવસ્થાના મધ્યાન્હ સમયમાં ભયાનક કાળ મારો ગ્રાસ કરી લે છે અને એ પ્રકારે કુદરત પોતાની નિર્દયતાનો પરિચય મારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દષ્ટાંતથી તમને આપે છે પણ વ્હાલાઓ ! હવે છેલી સલામ છે. આખરના રામરામ છે ક્ષણ પછી હું હવે નહીં હોઉં ” આ પ્રમાણે ભાષણ ખતમ થયું તેના મૃત્યુની પથારી આસપાસ ભેગા થયેલા કુટુમ્બીજનોના પોકાર અને હાયવોય વચ્ચે તેણે એળનું જીવન ભોગવવું બંધ કરી દીધુ અને નિસ્તબ્ધ થઇને ખોખાની માફક પડયું. સર્વની રડારોળ અને આંસુની ધારાઓ જોઇને એક વૃદ્ધ એળે સર્વ કોઈને દીલાસો દેવા માટે નીચે પ્રમાણે ભાષણ કર્યું. આપણો વ્હાલો ભાઈ આપણને ત્યજીને ચાલ્યો ગયો નિરંતરને માટે આ ભોગ ભૂમિનો પરિત્યાગ કરી ગયો પરંતુ આપણ સર્વનું વ્હેલા મોડાએ નિર્માણ અવશ્ય ભાવી છે એ કૃતાંતની કરાળ શમસેર વડે આપણે સર્વ આજકાલ કપાઇ મરીશું એ વાત કોઇથી મિથ્યા કરી શકાય તેમ નથી. વગડાના ઘાસની પેઠે આપણે સર્વ કપાવાજ નિર્માયા છીએ. આપણે શ્રદ્ધાથી એવી આશા રાખીએ છીએ કે સુવા પછી આપણને ઉચ્ચતર સ્થિતિ પ્રાપ્ત થાય છે. પરંતુ કોને ખબર છે કે એ આશા માત્ર ખોટા દીલાસા રૂપેજ ન હોય! એ કહેવાતા ઉચ્ચતર જીવન સબંધે આપણને કોઇને કશુ પુરાવાથી સિદ્ધ થએલુ જ્ઞાન નથી. આથી આપણા સર્વના કપાળે જે સામાન્ય ભાવી લખાએલું છે,.તેના ઉપર આંસુ ખેર્યા વિના છુટકો નથી, પરંતુ એ આંસુથી કાંઈ કાળને દયા આવે:તેમ નથી. માટે ભાઈઓ ધીરજ રાખો અને જે સહન કર્યા વિના ચાલે તેમ નથી જ તેને સહીલ્યો” આમ ઘડીવાર વાતચીતો કરી દીલગીર થઈ બધી એળો છુટી પડી ગઇ.

આપણને આ વાતો માંહેની એળોની મૂર્ખાઇ ઉપર હસવું આવ્યા વિના રહે તેમ નથી .કીટમાંથી ભ્રમરના ભવ્યતર જીવનમાં પ્રવેશવા પૂર્વેની ક્ષણવારની જે નિશ્ચેષ્ટ સ્થિતિ તેમને પ્રાપ્ત થાય છે, તેને તેઓ “ મૃત્યુ ” ગણવાની બેવકુફાઇ કરે છે અને એ ક્ષણિક નિદ્રા પછી જે વિવિધરંગી પતંગની આકાશગામી સ્થિતિ તેને મળવાની છે તે તરફ તેમનું લક્ષ્ય હોતુ નથી તેથી તેઓ દીલગીર બની જાય છે, પરંતુ પ્રિયવાચક બંધુ ! તમે એ એળોની મુર્ખાઇ ઉપર હસશો નહી. કેમકે અમારી અને તમારી મુર્ખાઇ કરતા એ એળોની મુર્ખાઈ કાંઇ વિશેષ નથી. એ એળોના જીવનક્રમમાં મનુષ્યની મુર્ખાઇનુંજ પ્રતિબિંબ છે. એ વાર્તામાં કાંઈ નથી માત્ર આપણે સમજીને આપણી ભ્રાન્તિ માટે ખેદ પામવા જેવું છે.

મૃત્યુનો ખરો અર્થ માત્ર એક પ્રવૃત્તિ મુકી બીજી નવી પ્રવૃત્તિમાં પ્રવેશવું એજ છે. એક ક્ષણવાર સુધી પણ જીવનમાં ત્રુટી આવતી નથી. પ્રવૃત્તિમાં ફેરફાર થાય છે તે વખતે પણ જીવન તો જેમનું તેમ નભ્યુંજ રહે છે.

જ્ઞાની જનોના દષ્ટિબિંદુથી જોતાં “ મૃત્યુ ” છે જ નહી. એ નામજ અસત્ય છે, હડહડતુ જુઠ છે, માત્ર અજ્ઞાનજન્ય ભ્રાંતિ છે. મૃત્યુ એવું કશું છેજ નહી. જ્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુવો ત્યાં સર્વ સ્થાને, સર્વ કાળે એક અખંડ, અવિચ્છિન્ન, ધારાવત્ જીવન પ્રવાહ જ છે. જીવન શીવાય બીજું કશું છે જ નહી. માત્ર જીવનને કેટલીક બાજુઓ, કેટલાક ભિન્ન ભિન્ન સ્વરૂપો છે, અને મુર્ખ લોકો એ માંહેના એકાદ જીવન-સ્વરૂપને " મૃત્યુ " ના નામથી સંબોધે છે. વાસ્તવમાં કશુંજ મરતું નથી. જો કે પ્રત્યેક પ્રાણી પદાર્થ, પ્રવૃતિ અને સ્વરૂપના ફેરફાર અનુભવ્યા કરે છે, એ ફેરફારને " મૃત્યુ " કહેવું એના જેવી બીજી મોટી ભૂલ એકે નથી. આપણે ઘરથી દુકાને અથવા ઓફીસમાં જઇએ, એથી અલબત આપણી પ્રવૃત્તિનો સ્હેજ ફેરફાર થાય છે, અને દુકાન અથવા ઓફીસના જીવનના અનુભવ કાળે અનુભવાતા જીવનની વિસ્મૃતિ થાય છે. પરંતુ ઘરના જીવન સબંધે આપણે મરી ગયા છે એમ કાંઇ નથી. માત્ર આપણા જીવનની પ્રવૃત્તિનું ક્ષેત્રાંતર થાય છે. એ ક્ષેત્રાંતરને કદાચ " મૃત્યુ ગણવામાં આવે તો પણ તેમાં દીલગીર થવા જેવું કે રોવા કુટવા જેવું શું છે ? એ જ્ઞાનદષ્ટિએ સમજાતું નથી.

આત્મા અમર છે, અવિનાશી છે, શાશ્વત છે એનું જીવન અસ્ખલિત અવ્યવહિત; સળંગ ક્રમબદ્ધ છે. કોઈ કાળે આત્માના અસ્તિત્વનો સદંતર લોપ થતો નથી. કદાચ આત્મા કોઈ સમયે મુર્છા જેવી અવ્યક્ત ઉપયોગહિન અવસ્થા ભોગવે પણ તેથી તે પોતાના અસ્તિત્વથી રહિત થયો છે એમ કાંઇ નથી. આખરે તેનું નિર્માણ એક પરમ ચિતિ મહાસાગરમાં લય (absorption) થવાનું છે, પરંતુ ત્યાં પણ તે લય પણ એક મહાસત્તા સાથે અભેદ અનુભવવારૂપે છે; વિનાશ (destruction) અથવા વિલોપ (effacement) રૂપે નથી. Edwin Arnsed ના મોહક શબ્દોમાં કહીએ તો—

" never The Spirit was born;
The Spirit shall cease to be never.
Never was time it was not;
End and beginning are dreams.
Birthless and Deathless and Changeless,
Remaineth the Spirit for ever;
Death hath not touched it at all,
Dead though the house of it seems. "

અર્થાત્—આત્મા કોઇ કાળે જન્મ્યો નથી, આત્મા કોઈ કાળે અસ્તિત્વથી ભ્રષ્ટ થવાનો નથી. એવો કોઇ કાળ ન હતો કે જ્યારે તે ન હતો, તેના આદિ અને અંત એ માત્ર સ્વપ્નાં છે. આત્મા નિરંતરને માટે અજન્મ છે, અમર છે, અવિકારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. મૃત્યુ એને કોઇ કાળે સ્પર્શતું નથી. કદાચ આત્માનું ખોખું મરેલું ભાસતું હશે."

પશ્ચિમ તરફના દેશોમાંથી આવેલું જડવાદનું મોજું આ કાળે આપણા યુવક વર્ગ ઉપર ફરી વળ્યું છે, અને પરિણામે તેઓ એમ માનતા બન્યા છે કે આ વિશ્વમાં બધુંજ વિનાશ પામવાના સ્વભાવવાળું છે. પરંતુ એ દલીલમાં માત્ર અરધું સત્ય છે, વાસ્તવમાં તો કશું વિનાશ પામતું જ નથી, પરંતુ આપણી સાંકડી દષ્ટિને કદાચ કાંઇ વિનાશ પામતું જણાય તો પણ તે વિનાશ નથી, પરંતુ પર્યાયનું રૂપાંતર છે. કુદરતના રાજ્યમાં કશુંજ ખરા અર્થમાં મરતું નથી. અણસમજુ લોકોજ મૃત્યુ જુએ છે. બાકી જ્ઞાનીજનો તો સ્વરૂપનો ફેરફાર, શક્તિ અને પ્રવૃત્તિનો અંતર એ શિવાય કશુંજ જોતા નથી. નાનામાં નાનું અણું પણ કોઇ કાળે સદંતર લોપ પામી જતુ નથી. આપણું શરીર આપણે મરી ગયું માનીએ તેમાં પણ ભૂલ છે. કેમકે શરીર કાંઇ એક અખંડ, સળંગ તત્વ નથી, તે તો અણુંઓનો સંઘાત છે; અને એ અણુંઓ એક શક્તિ તત્વ વડે, અમુક કાળ સુધી અમુક આકારે ગોઠવાએલા રહે છે. જ્યારે અભિમાની એક શરીરમાંથી નીકળી જાય છે, ત્યારે એ શરીરગત અણુઓ એકબીજા પ્રત્યે પૂર્વની જેમ સ્નેહાકર્ષણથી જામેલાં ન રહેતા, એકબીજા પ્રત્યે વિરોધ ભાવ બતાવવા માંડે છે. અભિમાનીના નિવાસકાળ સુધી તેઓ આત્માની સત્તાવડે, એકબીજાને અવલંબન આપી રહયા હતા, પરંતુ અભિમાની જ્યારે તેમાંથી નીકળી જઇ બીજુ ખોખુ શોધી લે છે, ત્યારે તે શરીરગત અણુંઓ સંધાન રૂપે નભી રહેવાનું પસંદ કરતા નથી. એ બધા અણુંઓને એકઠા રાખનારૂ બળ પોતાની સત્તા પાછી ખેંચી લે છે. એટલે એ અણુંઓ વિખરાવા માંડે છે. એક વિદ્વાને ખરૂં કહ્યું છે કે:-" The body is never more alive than when it is dead." "શરીર જ્યારે મરી ગયું હોય છે ત્યારે તે જેવું જીવતું હોય છે તેવું જીવતું તે બીજા કોઈ કાળે હોતું નથી." એક બીજા વિદ્વાને વળી કહ્યું છે કે:-" Death is but an aspect of life and the destruction of one material form if but a hreluda to the buildnig up another." "મૃત્યુ એ માત્ર જીવનની એક બાજુ વિશેષ છે. અને એક આકારનો વિનાશ એ અન્ય આકારવાળી રચનાનું પૂર્વગામી છે." આથી જડવાદની દલીલમાં કશુંજ તત્વ નથી. નાશ, મૃત્યુ, વિવરણ, એ માત્ર અમુક આકારનો છે, પરંતુ જે દ્રવ્યનો એ આકાર હતો એને કશુંજ લેવા દેવા નથી. મૃત્યુ કદાચ સંઘાતને સ્પર્શી શકે, પરંતુ અણુંને સ્પર્શી શકેજ નહી, વ્યક્તિત્વ અને અસ્તિત્વ નિરંતરને માટે એક સરખુજ કાયમ છે.

જેને જ્ઞાનદષ્ટિ પ્રાપ્ત થઇ છે, તેના મનથી જડવાદની દલીલો કશી બીસાતમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. એ દલીલો સબંધી, તેના ખંડન મંડન સબંધી, કે સ્થાપન ઉત્થાપન સબંધી કોઇ દીવસ તે પ્રયત્ન કરતો નથી. જડવાદની દલીલો હાલ છે તે કરતા હજારો ગણી વધારે પ્રબળ, અને સચ્ચોટ હોય તો પણ તેના મનથી તે દલીલોનું કશુંજ મહત્વ નથી. કારણ જેને સમ્યકદષ્ટિ ( pure vision ) પ્રાપ્ત થઇ છે તેમનામાં એવું ઉચ્ચત્તર આધ્યાત્મિક સામર્થ્ય જાગૃત થયું હોય છે કે જે વડે તેઓ "મૃત્યુ" ની ભ્રાન્તિ પ્રત્યક્ષ જોઇ શકે છે. બુદ્ધિની દલીલોની તેમને પરવા રહેતી નથી, કેમકે તેઓ અનુભવના પ્રમાણથી જાણી શકે છે કે આત્મા આ શરીરમાંથી નીકળ્યા પછી પણ જેવોને તેવોજ અસ્તિત્વમાન અને કાયમ રહે છે. મહાપુરૂષો જીવનની બીજી બાજુ અનુભવી શકે છે અને ત્યાંની સ્થિતિ રીતિ જાણી શકે છે. આમ હોવાથી તેમને મનથી એ સબંધી બુદ્ધિના વ્યર્થ તર્કો અને દલીલો બેવકુફાઇ ભરેલા લાગે એમાં નવાઈ નથી.

જો તમે એવા પ્રકારની આધ્યાત્મિક દૃષ્ટિની ભૂમિકાસુધી ગતિ ન કરી શકયા હો કે જ્યાંથી, "મૃત્યુ" પછી આત્મા અવિચ્છિન ધારાવત કાયમ રહે છે એમ અનુભવથી જાણી શકાય, અને તેથી આત્માના અમરત્વ સબંધી કાંઇ પુરાવો માગતા હો તો તે પુરાવો મેળવવા માટે બહાર નહી પણ અંતરમાં દૃષ્ટિ સ્થાપો. એ પુરાવો બહારથી મળી શકે તેમ નથી. માત્ર અંતરમાંજ છે. કેમકે આત્મા પોતાના અમરત્વનો પુરાવો પોતાના સ્વરૂપમાંજ ભેગો લઈને ચાલે છે. તમને તમારા અમરત્વમાં શંકા આવતી હોય તો તે શંકા કરનારને પોતાને પુછી જુઓ. અને કોઇ શાંત ક્ષણમાં એ શંકા ભાંગી જશે. બધી ફીલોસોફી આપણને એટલુંજ શીખવે છે કે બાહ્ય દશ્ય કરતા આંતરની સૃષ્ટિ અનંતગુણ અધિક સત્ય છે. ખરી રિતે જોવા જઈએ તો મનુષ્યને બહારની સૃષ્ટિનું કશુંજ જ્ઞાન નથી. તમને અત્યારે બહારની સૃષ્ટિનું જે કાંઈ જ્ઞાન છે તે માત્ર તમારા અંતઃકરણનું નિવેદન અથવા report છે. એટલે કે તમારા અંતઃકરણે બહારની સૃષ્ટિમાંથી જે કાંઇ સંસ્કારો ગ્રહણ કરેલા છે અથવા ચિત્રો સંગ્રહયા છે, એ સંસ્કારો ( impressions ) અને રૂપો (pictures or forms) શિવાય તમે અન્ય કશુંજ જોતા નથી. વાતને ઉદાહરણથી જરા અધિક સ્પષ્ટ કરીએ. આ સામે વૃક્ષ છે, હું તેને જોઉ છું, પરંતુ હું માનું છું તેમ હું વૃક્ષને પોતાને જોતો નથી, પરંતુ એ વૃક્ષનું જે ચિત્ર મારી ચક્ષુના કેન્દ્ર ઉપર ચડયું છે, તે ચિત્રને હું જોઉં છું, અર્થાત્ મારે પોતાને બાહ્ય વૃક્ષ સાથે સીધો સંબંધ નથી, પણ માત્ર એ વૃક્ષના મારામાં પડેલા આંતર ચિત્ર સાથે છે, એથી આગળ વધીને જોવા જઉં છું તો જણાય છે કે, હું એ ચિત્રને પોતાને પણ જોતો નથી, પરંતુ મારા ચક્ષુ ઉપર એ ચિત્ર પડવાથી તે સ્થાન ઉપર આવેલા જ્ઞાનતંતુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓમાં જે આંદોલનનો ક્ષોભ (Vibratory motion) ઉપસ્થિત થાય છે, અને તે ક્ષોભમાં જે અમુક પ્રકારનો અર્થ રહ્યો છે, તેનેજ હું જોઉં છું. આથી મારૂં વૃક્ષનું જ્ઞાન બે એજન્સીઓ અથવા આડતીઆઓ દ્વારા મારા અંતઃકરણને મળે છે, આટલું સમજ્યા પછી કોણ કહી શકશે કે આપણે બાહ્યવિશ્વ સાથે આંતરવિશ્વ કરતાં અધિક સંબંધ રાખીએ છીએ ? જ્ઞાનીજનોનો નિર્ણય એજ છે કે સર્વ કાંઇ અંતરમાં છે. બહાર નથી, અને " મૃત્યુ " છે જ નહી એ પુરાવા માટે પણ આપણે અંતરમાં દૃષ્ટિ દેવી જોઇએ.

છતાં ઘણા કાળની જુની ટેવથી આપણે "મૃત્યુ" ને ભયની દૃષ્ટિથી સ્વીકાર્યા વીના રહી શકતા જ નથી એ નવાઇની વાત છે. એ જુની ટેવ કાઢી નાખી તેના સ્થાને નવી ટેવ દાખલ કરવાની બહુ જરૂર છે. શરૂઆતમાં મનને ' મૃત્યુ નથી ' એ નિર્ણય ઉપર સ્થિર કરવું જરા કઠીન જણાય છે, પરંતુ એ વાતના પુરાવા ઉપર મન જેમ જેમ વિચાર, ચિંતન, મનન કર્યા જશે તેમ તેમ એ નિશ્ચય અધિક અધિક ઉંડો ઉતરતો જશે.

તમે ગમે તેવી ગાંડી કલ્પના કરો તો પણ તમે પોતે તદ્દન મરી ગયા છો એવું તમે કદીજ કલ્પી શકવા સમર્થ બનશો નહી. કદાચ તમને આ વાતની શંકા થતી હોય તો તમે અત્યારેજ આગળ વાંચવું હમણાં બંધ રાખીને મરી ગયાની કલ્પના કરી જુઓ, કદાચ તમને તમારૂં શરીર નિશ્ચેષ્ટ, સ્થિર શબની જેમ પડેલું કલ્પનામાં દેખાશે પરંતુ તમે પોતે અભિમાની, જીવાત્મા અથવા જેને તમે " હું " કહો છો તે તો એ કલ્પનામાં પણ નિરંતર દૃષ્ટાપદે જેવો ને તેવો સ્થિરજ રહેશે. દેહની પડખે ઉભો રહીને દેહને મરેલું કલ્પનાની ચક્ષુએ જોયા કરશે, પરંતુ " હું " તેને પોતાને " હું " પણાથી ભૃષ્ટ કદીજ કલ્પી શકશે નહી. જે વાત કલ્પનામાં પણ નથી આવતી તે વાસ્તવમાં ક્યાંથી હોઈ શકે ? અને આપણો આત્મા પોતાના સંબંધે મૃત્યુની કલ્પના કરવા શામાટે ના પાડે છે એ તમે જાણો છો ? કારણ એજ છે કે જે સ્થિતિ તેના સ્વરૂપમાં ત્રણે કાળમાં છે જ નહી—નાસ્તિપણે છે. તે સ્થિતિ પોતામાં હોવાની દરખાસ્ત પણ તે સંઘરતો નથી. મૃત્યુની સૂચના પણ તે સ્વીકારવાની ના પાડે છે. એટલુંજ નહી પણ કલ્પનામાં પણ તે લાવવા ચોખી ના કહે છે. શરીરથી, મનથી, મનની સર્વ સ્થિતિઓથી, બુદ્ધિથી, તર્કથી અને ભવ્યમાં ભવ્ય પ્રતિભાના દીવ્ય સ્ફુરણોથી પણ આત્મા ઉપરી ભાગમાં બિરાજે છે. એ સર્વ કદાચ હોય કે ન હોય, ક્ષણમાં તે આવે કે ક્ષણ પછી તે જાય, તે કશાની દરકાર રાખ્યા વિના આત્મા પોતાનું જીવન સળંગ, ક્રમબદ્ધ, શૃંખલાબદ્ધ, અવિચ્છિનપણે ભોગવ્યે જાય છે. મુર્છામાં અને ગાઢ નિદ્રામાં પણ તેનો ઉપયોગ અવ્યક્તપણે શરૂ જ રહે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. અને જેને આપણે " મૃત્યુ " કહીએ છીએ તેની પછી પણ પ્રકાર ફેરે, અવસ્થાંતરે કાયમજ રહે છે.

હમે ઉપર કહી ગયા તેમ " મૃત્યુ " જેવું કાંઇજ આત્મા સંબંધે નથી એના પુરાવા માટે આપણે બુદ્ધિની દલીલોની જરૂર નથી, કેમકે જ્ઞાનીજનોનો એવો નિશ્ચય છે કે તર્ક અથવા બાહ્ય મનના વ્યાપારો સત્યના અન્વેષણમાં ઉપયોગી નથી. કદાચ આ વાકય તમને ભારે પડતું જણાશે, અને બુદ્ધિના વ્યાપારોની સત્યાન્વેષણ સંબંધે ઓછી કિંમત આંકેલી ભાસશે, પરંતુ એ શબ્દો અમે વિચારીને જ લખ્યા છે, અમે તર્ક, બુદ્ધિ આદિને તેની વ્યાજબી કીમતે સ્વીકારવા તૈયાર છીએ, પરંતુ વર્તમાન જમાનો બુદ્ધિને પ્રભુ રૂપે પૂજે છે અને બુદ્ધિવાદ (Rationalism ) નેજ સર્વસ્વ ગણે છે, તે સાથે હમો મળતા આવતા નથી. જેઓ બુદ્ધિના પ્રદેશ ઉપર નવાજ પ્રવેશ પામેલા છે તેઓ કદાચ તેના પ્રખર તેજમાં અંજાઇ જઇ બુદ્ધિ એજ સર્વસ્વ છે એમ ભલે માની લે, પરંતુ જેઓએ બુદ્ધિની ઉપયોગિતાનો વિચાર કર્યો છે, એવા મહાજનો તો એવા નિર્ણય ઉપર આવ્યા છે કે, આધ્યાત્મિક સત્યો સંબંધે તેનું કાર્ય બહુ જુજ અને મહત્વ વિનાનું છે. અમારા પૂર્વ મહાપુરૂષોનો જ આવો નિર્ણય છે એમ નથી પરંતુ આ જમાનાના મહા બુદ્ધિમાનો પણ એજ નિર્ણયને સ્વીકારે છે. દાખલા તરીકે વર્તમાન યુગની બુદ્ધિના શિખરરૂપ મહા વિદ્વાન Kant શું કહે છે તે સાંભળો તે કહે છે કે The only use of a philosophy of pure reason is a nagative one Instead of discovering truth, its modest function is to guard against-error. " અર્થાત્ " વિશુદ્ધ બુદ્ધિવાદ ઉપર રચાએલા તત્વજ્ઞાનનો ઉપયોગ માત્ર નિષેધાત્મક છે. બુદ્ધિ એ સત્યના શોધનમાં પ્રવર્તાવવાને બદલે, તેનું કર્તવ્ય માત્ર ભૂલની સામે રક્ષણ કરવાનું છે. " અમે પોતે આ મત સાથે અડધા મળતા છીએ. ભૂલની સામે રક્ષણ કરવાની શકિતને પણ હમે કાંઇજ સરત વિના એકાંતપણે સ્વીકારી શકીએ તેમ નથી. આ સ્થાને બુદ્ધિનું શું કાર્ય છે એ સંબંધી નિબંધ લખવા હમે બેઠા નથી. એના કાર્યનો અને ઉપયોગીતાનો પ્રદેશ કયો છે, એ જુદો જ વિષય છે, અને તે સાથે કહેવા દો કે તે બહુ રસપ્રદ વિષય છે. પરંતુ અમને લાગે છે કે અમે વિષયાંતરમાં ઉતરી પડ્યા છીએ. છતાં એ જોખમ ખેડ્યા પછી પણ જો અમે એટલું તમારા મન ઉપર અંકિત કરી શકયા હોઇએ કે " મૃત્યુ નથી " એ સિદ્ધાંતનો પુરાવો બુદ્ધિમાંથી નહી પણ હૃદયના ઉચ્ચ અંશમાંથી જ મળી શકે તેમ છે, તો અમારૂં વિષયાંતરમાં ઉતરવાનું જોખમ અમે સફળ થયું લેખીશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમારા—અરે, પ્રત્યેક વ્યક્તિના હૃદયના અંતસ્તંભ પ્રદેશમાં આત્મા, પરમાત્મા અને વિશ્વ સંબંધી સત્યોનું જ્ઞાન સુપ્તા અવસ્થામાં પડેલું છે. એ જ્ઞાન તેના માલીકની—તેના સ્વામીની રાહ જોઇ રહેલું છે. તમે ત્યાં દષ્ટિ સ્થાપો અને તમને ત્યાં દીવ્યાક્ષરે લખેલા માલુમ પડશે કે તમારૂં ખરૂં સ્વરૂપ—તમારૂ વાસ્તવિક "હું" જેને અગ્નિ બાળી શકતો નથી, જળ ડુબાડી શકતું નથી, વાયુ ઘસડી જઇ શકતો નથી, પૃથ્વિ આવરણ કરી શકતી નથી એવું આત્મતત્વ, અમર, અજન્મ, શાશ્વત, અજેય, આનંદ સ્વરૂપ, મંગળ સ્વરૂપ, કલ્યાણ સ્વરૂપ, બિરાજી રહ્યું છે. જ્યારે માનસ—ચક્ષુ અંતરમાં વળે છે ત્યારે ત્યાં તે જુએ છે કે "હું" અવિનાશી છું. તમે કહેશો કે આ પુરાવો કાંઇ પ્રયોગ—સિદ્ધ, પ્રત્યક્ષ કે કાયદાની દૃષ્ટિએ સાચો ઠરી શકતો નથી. પરંતુ તમે આધ્યાત્મિક સત્યો માટે સ્થૂળ પુરાવો માગો તે ક્યાંથી મળે ? ભૌતિક પદાર્થોના સંબંધમાં ભૌતિક પુરાવો ચાલી શકે અને કોઈ વાતને સિદ્ધ કરી શકે, પરંતુ આંતરિક વિષયો સંબંધે એ ભૂમિકા ઉપરનો પુરાવો નિરર્થક અને નિષ્ફળ છે. આથી જે પ્રદેશમાં જે હોવું વાસ્તવિક છે તે પ્રદેશમાં તેની શોધ કરવી ઉપયુક્ત છે.

આત્માને પોતાના સંબંધે આત્માને પોતાને જ બોલવા દો, અને જ્યારે તમે વચમાંથી સ્થૂળ શરીરની, બુદ્ધિની, તર્કની અવિશ્વાસની અશ્રદ્ધાની, ડખલ કાઢી નાખશો ત્યારે આત્માનું પોતાનું દીવ્ય સંગીત ગર્જી ઉઠશે. તે શું બોલશે ?

" મૃત્યુ છેજ નહી. કોઇ કાળે હતુંજ નહી. અત્યારે પણ નથી, હવે પછી પણ નહીજ હોય. જીવન શિવાય અન્ય કશુંજ નથી, અને તે જીવન પણ અનાદિ અને અંત રહિત કાલ ત્રય વ્યાપિ છે. " આત્માનું ગાન આવી મતલબનું છે. તમારે તે સંગીત સાંભળવું હોય તો **શાંતિ**માં પ્રવેશો. એ નિસ્તબ્ધ આંતર શાંતિના પ્રદેશમાં પ્રવેશ્યા વિના એ સંગીતના દિવ્ય આંદોલનો તમારા આતુર કર્ણમાં પહોંચી શકે તેમ નથી. એ સંગીત સાંભળ્યા પછી મૃત્યુનું મૃત્યુ થાય છે. જે કોઇ કાળે હતુંજ નહી. પરંતુ માત્ર ભ્રાન્તિ વડેજ અસ્તિત્વ ભોગવતું આવતું હતું, તે કહેવાતું " મૃત્યુ " અળપાઇ જાય છે. જ્ઞાનરૂપી સૂર્યનો મધ્યાન્હકાળ થતાં અજ્ઞાનરૂપી પડછાયો મૂળ પદાર્થમાં સમાઇ જાય છે, અજ્ઞાનમાંથી જ્ઞાનમાં આવતા તમે હસીને બોલી ઉઠશો કે " જે કોઇ કાળે હતુંજ નહી તેનાથી હું નકામો ડરતો હતો. " પછી તમને અનુભવથી, ઉપયોગપૂર્વક, ભાનપૂર્વક, જ્ઞપ્તિપણે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમજાશે કે મૃત્યુ છેજ નહી, શાશ્વત, અનંત, નિરંતર જીવન વિના બીજુ કશુંજ કોઈ કાળે કોઇ સ્થાને છેજ નહી.

અધ્યાયી.

## જૈન ઐતિહાસિક સાહિત્ય.

# ખંડગિરિ ગુહાના વિષયમાં વિશેષ ઉલ્લેખ.

આ વષયનો એક લેખ ગયા અંકમાં આપવામાં આવ્યો છે. તેની નોટમાં–અંતમાં સૂચવ્યા પ્રમાણે આજે એ વિષયનો આ બીજો પણ વિશેષ ઉલ્લેખ આપવામાં આવે છે. બંગાળી વિદ્વાન મનોમોહન ગંગુલે ' ઓરીસ્સા એન્ડ હર રીમેન્સ એન્શ્યન્ટ ઍન્ડ મૉડર્ન ' નામનું એક પુસ્તક લખ્યું છે જેમાં ઓરીસ્સાનો પ્રાચીન ઇતિહાસ અને તેના પ્રાચીન ધ્વંશાવશેષોનું સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું છે. એ પુસ્તકમાં, ખંડગિરિ–કે જ્યાં આગળ પરમાર્હત મહા મેઘવાહન રાજા ખારવેલનો ઐતિહાસિક લેખ આવેલો છે. તે સંબંધી પણ ઘણા ઠેકાણે ઉલ્લેખ કરવામાં આવ્યા છે. ખારવેલના લેખ અને તેની કરેલી ગુહાના વિષયમાં, વિશેષ જ્ઞાન મેળવવા માટે એ પુસ્તકોક્ત ઉલ્લેખો ખાસ જાણવા જેવા હોવાથી, આ નીચે તે આપવામાં આવે છે. ઉક્ત પુસ્તકમાં જ્યાં જ્યાં જૈન સંબંધી વર્ણન કરવામાં આવ્યું છે તે બધું ક્રમશઃ અત્ર આપવામાં આવશે. આશા છે કે જૈન ધર્મની પ્રાચીન જાહોજલાલીનું અપૂર્વ દર્શન કરાવનાર એ લેખ અને એ સ્થળ વિષયમાં વિશેષ જ્ઞાન મેળવી જૈન ઇતિહાસના રસિકજનો, પોતાના એ ગૌરવશાળી સ્થાનમાટે સ્વયં કાંઇક વિશેષ પ્રયત્ન કરી, એની મહત્તામાં વધારો કરશે.

પ્રેષક—મુનિ જિનવિજય.

Orissa and her remains ancient and mediaevl.

*by*

Manomohan Ganguly.

પૃષ્ટ ૩—ઇસિવીસનની શરૂઆત પહેલાં અહીં જૈનધર્મ તથા બૌદ્ધધર્મ પ્રવર્તતો હતો અને તેમની અસર હિંદુધર્મ અથવા ખરી રીતે કહીએ તો બ્રહ્મધર્મ ઉપર થઇ હતી. બ્રહ્મધર્મનો બૌદ્ધધર્મ અગર જૈનધર્મની સાથે મેળાપ થતાં કળા કૌશલ્યના દરેક વિભાગમાં ફેરફાર થયા; શિલ્પકળા પણ તેની અસરથી અળગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહે તેમ નહોતું. બૌદ્ધ ધર્મની સર્વવ્યાપી અસર હજુ પુરીમાં દૃષ્ટિગોચર થઇ શકે છે.

પૃષ્ટ ૧૭–૨૧—ઓરીસ્સા ઇ. સ. પૂર્વે ૩ જી સદીથી ઇ. સ. ની ૮ અગર ૯ મી સદી સુધી જૈન અને બુદ્ધ ધર્મનું મુખ્ય સ્થળ હતું, એ માનવાને આપણી પાસે સબબો છે. ઇ. સ. પૂર્વે ૨૬૨ માં મહાન્ મૌર્ય રાજા અશોકે કલિંગદેશ જીત્યો ત્યારથી બૌદ્ધધર્મની અસર થવા લાગી; આ જીતમાં ઘણાં માણસોનો ઘાણ નીકળી ગયો, તે વાત તેના શિલાલેખ ( Rock ediet ) નં. ૧૩ માં મોજુદ છે; સુધારાની અસર થતી ગઇ અને ક્રમે ક્રમે કલિંગ દેશ આગળ પડતો થવા લાગ્યો; જોકે કેટલાક અશોકના લેખો મૈસુરના ઉત્તર ભાગમાં મળી આવે છે તો પણ ડાકટર ભાંડારકર[1], વીન્સેન્ટ સ્મીથ[2], વિગેરે વિદ્વાનો કલિંગને અશોકના રાજ્યની દક્ષિણ સીમા ગણે છે. બૌદ્ધધર્મના પ્રવર્તનને લીધે તેમજ સમુદ્રના કિનારા ઉપર આવવાને લીધે કલિંગદેશ અન્ય દેશોના સંબંધમાં આવતો ગયો; તેનું દરિયાઇ બળ ઘણા વખત સુધી રહ્યું હતું અને હવે તેમાં નવો ઉત્સાહ ઉમેરાવાને લીધે તે વહેપારનું મુખ્ય મથક બન્યું. ઇ. સ. પૂર્વે ૭૫ માં કલિંગથી નીકળેલા એક લશ્કરે જાવા સર કર્યું.[3] જ્યારે ઇ. સ. ૬૨૯ અને ૬૪૫ ની વચ્ચે હુએન ત્સાંગ ( Hiuen Tsang ) ઉન્ચ અગર ઓરીસ્સા આવ્યો ત્યારે તેણે બૌદ્ધધર્મની અસર દર્શાવનાર ઘણા મોટા 'સંઘારામ' (Sangharamas). સ્તૂપો (Stupas) વિગેરે જોયું. તેણે કોઇપણ હિંદુ દેવાલય વિષે ઉલ્લેખ કરેલો નથી. ચે-લી-ત-લો-ચીંગ અગર ચરિત્રપુર અગર હાલનું પુરી, તેની બહાર તેણે "ટાવર સહિત તથા ઉંચા શિખરોવાળા સાથે સાથે પાંચ સ્તૂપો" જોયાં.* આ સ્તૂપો ઘણા વખત થયાં જમીનદોસ્ત થઇ ગયાં છે, પરંતુ બૌદ્ધની અસરનું જે કાંઈ ગુહાઓમાં હાલ બાકી રહ્યું છે તે ઉપરથી બૌદ્ધધર્મની ચઢતી વિષે ખ્યાલ આવી શકે. હિંદુઓને પ્રિય એવા જગન્નાથ વિષે બૌદ્ધધર્મે ઘણી સચોટ અસર કરી છે. આના વિષે આગળ કહેવામાં આવશે.

હાથી ગુમ્ફ લેખમાં પંડિત ભગવાનલાલ ઇંદ્રજીએ વાંચ્યું તે પ્રમાણે તેની મિતિ ઇ. સ. પૂર્વે બીજા સૈકાની વચમાં છે અને તેનો કર્તા કલિંગનો રાજા અને જૈનધર્મનો ઉત્તેજક ખારવેલ છે. આપણે ખારવેલ તેમજ તેના વંશ વિષે કાંઇપણ જાણતા નથી, માત્ર ઉદયગિરિની સ્વર્ગપુરી ગુહાના એક લેખમાં તેની સ્ત્રીનું નામ

૧ ડાકટર ફ્લીટના 'બોમ્બે ગેઝેટીઅર', પુ.૧, ભા.૧, ડાકટર ભાંડારકરનો દક્ષિણનો ઇતિહાસ.

૨ વી. સ્મીથની ' અર્લી હીસ્ટરી ઓફ ઇંડીઆ ', પા. ૧૩૧.

૩ સાઇકલોપીડીઆ ઓફ ઇંડીઆ, પુ. ૨ (૧૮૮૫ ).

* કનીંગહામની ' ઍનશ્યન્ટ જોગ્રૉફી ઑફ ઈંડીઆ. '

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોવામાં આવે છે. આ છૂટી છૂટી હકીકત ઉપરથી એમ સાબીત થાય છે કે કલિંગ દેશ ઉપર જૈન રાજાઓ એક વખતે રાજ્ય કરતા હતા. ખંડગિરિ અને ઉદયગિરિની ગુહાઓ ઉપરથી સ્પષ્ટ રીતેજૈન અને બૌદ્ધધર્મની અસર દૃષ્ટિગોચર થાય છે.

જૈનધર્મે કલિંગ દેશમાં એવાં સજ્જડ મૂળ ઘાલ્યાં હતાં કે જેની અસર આપણે ઇ. સ ના ૧૬ મા સૈકામાં પણ જોઇ શકતા હતા. સૂર્યવંશી રાજા, ઓરિસ્સાના અધિપતિ, પ્રતાપ રૂદ્રદેવને જૈનધર્મ વિષે ઘણી મમતા હતી, ધી રેવરન્ડ લૉંગે તેને જૈન ઠરાવ્યો છે. + ખંડગિરી ઉપર નવમુનિ ગુહામાંના એક લેખમાં જૈન શ્રમણ શુભ ચંદ્રનું નામ જોવામાં આવે છે.

આવી છૂટી છૂટી વિગત ઉપરથી આપણે નિર્ણય ઉપર આવી શકીએ કે અહીંઆ કેટલોક વખત જૈનધર્મનું જોર હતું અને તે રાજ્ય ધર્મ હતો. ઇ. સ. ની શરૂઆતમાં કયા કયા વંશો કલિંગ ઉપર રાજ્ય કરતા હતા તેના વિષે ચોક્કસ રીતે જાણી શકીએ તેમ નથી; પણ એટલું તો આપણે જાણીએ છીએ કે હિંદુસ્તાનના જુદા જુદા દેશોના રાજાએ કલિંગ દેશ જીત્યો હતો. તેની સમૃદ્ધિ વિષેની પ્રખ્યાતી ઘણે દૂર સુધી પહોંચી હતી. અને તેથી પાસેના રાજાઓને તે દેશ જીતવાનો ઉત્સાહ થતો. કલિંગદેશ ઘણો સમૃદ્ધિવાન હતો, એ નીચેની વિગત ઉપરથી કહી શકાય.—કલિંગદેશ ' નવ ખંડ પૃથ્વી ' ના નવ ખંડમાંથી એક ખંડ ગણાતો હતો. એ પ્રમાણે તામીલ શબ્દકોષોમાં જણાય છે. ( જુઓ સેન્ડરસનનો કાનડી કોષ. )

રામાયણ અને મહાભારતનો વખત બાદ કરતાં ત્યાર પછીના વખતમાં જે જે રાજાઓએ તે દેશ ઉમર હુમલા કર્યા તે રાજાઓ એટલા બધા છે કે તેમનું વર્ણન થઇ શકે તેમ નથી. ઇ. સ. ના ૩ જા સૈકામાં અશોકે તે દેશ જીત્યો એ વિગત મેં ઉપર કહી છે. ઘણે ભાગે અન્ધ્ર વંશના રાજા શતકર્ણીના હુમલા વિષે હાથી ગુમ્ફના લેખમાં આપવામાં આવ્યું છે. તેણે " ઘણા ઘોડા તથા હાથીઓ " મોકલ્યા પણ તે બધા ખારવેલે હરાવ્યા.[1]

ઇ. સ. ના બીજા સૈકામાં કલિંગદેશ અંધ્ર રાજાઓના હાથમાં ગયો, મંગલેશ રાજાના સ્તંભ લેખ ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે બદામી ( Badami ) ના પશ્ચિમ ચાલુકયોના રાજા પહેલા કીર્તિવર્મા જેણે ઇ. સ. ૫૬૭–૬૮ થી

+ જે. એ. એસ. બી. પુ. ૨૮, નં. ૧–૫ ( ૧૮૫૯ ).

૧ વી. સ્મીથની ' અર્લીહીસ્ટરી ઓફ ઇંડીઆ ' પા. ૧૮૫.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૯૭–૯૮ સુધી રાજ્ય કર્યું. તેણે કલિંગના રાજાને હરાવ્યો. તેજ વંશના બીજા પુલકેશી અને કીર્તિવર્માના પુત્રે ઇ. સ. સાતમા સૈકામાં તે જીત્યો અને તે વખતે કનોજમાં હર્ષવર્ધન રાજ્ય કરતો હતો.

ઈ. સ. ૮ મા સૈકાની મધ્યમાં રાષ્ટ્રકૂટના રાજા દન્તિદ્રુર્ગે કલિંગદેશ જીત્યો, પુનઃ ઇ. સ. ૯ મા સૈકામાં જૈન ધર્મના પોષક અકાલવર્ષે તે જીત્યો. જ્યારે જ્યારે વખત મળે ત્યારે પૂર્વના ચાલુકયો તે દેશ ઉપર હુમલો કરતા. ઇ. સ. ના ૧૧ મા સૈકામાં પૂર્વ ચાલુકયોના રાજા રાજરાજદેવે તેના ઉપર સ્વારી કરી.[૨]

મહાન સંસ્કૃત કવિ કાલિદાસ ઇ. સ. ના ૭ મા સૈકામાં થયો, તેથી નૈસર્ગિક રીતે તેણે રઘુની જીતનો એક દેખાવ કલિંગમાં મૂકયો હશે.* ઇ. સ. ના ૧૨ મા સૈકામાં લખાયલા રાજતરંગિણીમાં કલ્હણ પંડિતે લલિતાદિત્યની કલિંગની જીત વિષે ઘણું રસમય વર્ણન આપ્યું છે.[૧]

કલિંગદેશ જીતવો એ માત્ર ઉપચાર થઇ પડયો અને 'કલિંગાધિપતિ' એ ઇલ્કાબ ઘણો માનવંતો થયો; કારણ કે કોસલ તથા ચાલુકયોના રાજાઓની પાછળ 'ત્રિકલિંગાધિપતિ' નો ઇલ્કાબ જોડેલો આપણે જોઇએ છીએ.

ઇ. સ. ના ૯ મા સૈકામાં આરંભ સુધીનો ઓરિસ્સાનો ઇતિહાસ અસ્તવ્યસ્ત સ્થિતિમાં છે. ત્યાં એક જોરાવર વંશ રાજ્ય કરતો હતો, એ ના કહી શકાય તેમ નથી, પરંતુ એક પછી એક રાજાઓ તેની ગાદી ઉપર આવ્યા એ નક્કી કરવું સરલ નથી; કારણ કે તેની સત્તાવાર વિગત નથી.

## પ્રકરણ ૩ જું.

## ગુહામંદિરો.

ઓરિસ્સામાં "દંતાવશેષ" (Tooth-relic) દાખલ થયા પછી શિલ્પકળાની પ્રગતિના ત્રણ વિભાગ થઇ શકે:—

(૧) બુદ્ધ તથા જૈન સમય.
(૨) શૈવ સમય.
(૩) વૈષ્ણવ અને સૌર્ય સમય.

---

૨ ડા. ઈ. હુલ્ટ્ઝના 'દક્ષિણના લેખો' પા. ૬૩

* स तीर्त्वा कपिशां सैन्यैर्बद्धद्विरदसेतुभिः ।
उत्कलादर्शितपथः स कलिङ्गाभिमुखं ययौ ॥
रघुवंशम् । ४ । ३८.

૧ 'રાજતરંગિણી' ભાષાંતર કર્તા ડાકટર સ્ટેન પુ. ૧, ભા. ૪, ૧૪૭ મો શ્લોક પા. ૧૩૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બૌદ્ધ અને જૈન સમયની** ખાસીયત ગુહામંદિરો કરવાની છે, બૌદ્ધોની અસર ઇ. સ. પૂર્વે પાંચમા સૈકાથી ઇ. સ. ના ૫ કે ૬ ઠ્ઠા સૈકા સુધી જણાય છે. શૈવોની અસર ઇ. સ. ના ૫ કે ૬ ઠ્ઠા સૈકાથી ૧૨ મા સૈકા સુધી; તથા વૈષ્ણવોની અસર ૧૨ મા સૈકાથી શરૂ થાય છે.

આ ગુહાઓનો ઇતિહાસ અંધારામાં રહ્યો છે અને ઘણા વિદ્વાનોએ તે ઇતિહાસ જાણવાને નિષ્ફળ પ્રયત્નો કર્યા છે. હિંદુસ્તાનના આ ભાગની ગુહાઓનો પશ્ચિમ વિભાગની ગુહાઓ સાથે ઘણો સંબંધ નથી. તેની વિગત તથા મિતિ શોધવામાં તથા નક્કી કરવામાં શોધક આડે માર્ગે ચઢી જાય તેમ છે. હાથી ગુમ્ફાના લેખથી ઓરીસ્સાના આ અંધારામાં રહેલા ઇતિહાસ ઉપર અજવાળું પડે છે. પંડિત ભગવાનલાલ ઇંદ્રજીના વાંચવા પ્રમાણે તે ગુહાઓની મિતિ ઘણામાં ઘણી ઇ. સ. ની બીજી સદી હોઇ શકે. તેમના કહેવા પ્રમાણે આ ગુમ્ફા જૈન રાજા ખારવેલે ખોદી કાઢી હતી. લિપિના અક્ષરો ઉપરથી એમ કહી શકાય કે ઘણી ખરી ગુહાઓ ઇ. સ. પૂર્વે બીજા અગર ત્રીજા સૈકામાં ખોદી કાઢેલી છે; અને ઇ. સ. પૂર્વે ચોથા અગર પાંચમા સૈકામાં પણ તે થએલી હોય એમ કહેવામાં કાંઇ ખોટું નથી; એટલે કે, હાથી ગુમ્ફા લેખની પહેલાંના સમયમાં; કારણ કે જે સ્થળે આ ગુહાઓ છે તે સ્થળને ધાર્મિક લોકો પવિત્ર ગણતા હશે.

ગુહાઓની સવિસ્તર હકીકત આપવાને બદલે માત્ર તેનો સામાન્ય ઇતિહાસ કહેવાનો આ પુસ્તકનો હેતુ છે.

ખંડગિરિ અને ઉદયગિરિની ટેકરીઓ જેને ખંડગિરિજ કહે છે તે (૨૦°૧૬' ઉ–અક્ષાંશ, અને ૮૫° ૪૭' પૂ. રેખાંશ) ભુવનેશ્વરથી ઉત્તર–પશ્ચિમમાં પાંચ માઇલ દૂર આવેલી છે. આ બે ટેકરીઓની વચમાં ભુવનેશ્વરના માર્ગને અનુસરનારી એક ખીણ છે. ઑટગરથી ચીલકા સરોવર તરફ જતા એક સેન્ડસ્ટોન પર્વતના એક ભાગમાં તે આવે છે.

આ ટેકરી ઉપર ઘણી ગુહાઓ આવેલી છે જેમાં પહેલાં બૌદ્ધ અને જૈન સાધુઓ રહેતા હતા અને જેમાંની કેટલીક ઇ. સ. પૂર્વે ત્રીજા સૈકા પહેલાંની છે.

આ ગુહાઓમાં શિલ્પકળાની ઉત્તમતાના જુદા જુદા નમુના છે. કેટલીક અને તે ખાસ કરીને ખંડગિરિની ગુહાઓ પશુઓની ગુહાઓ જેવી નાની છે તથા બીજી કેટલીક કાંઇક મોટી છે. સામાન્ય રીતે તેમાં એક ઓરડો છે અને તેની આગળ ઓટલો છે, કેટલીકમાં પરસાળમાં બે કે ત્રણ ભોંયરાં છે, મોટી ગુહાઓમાં બે માળ છે; અને કેટલીકમાં ઉપરનો માળ પાછળ પડતો છે, આ ગુહાઓ ઘણીજ સાદી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાછળના ઓરડામાં પાંચ કે છ ભોંયરાં કરવામાં આવ્યાં છે, અને આગળ એક લાંબી, ઓટલાની હાર છે, જેને સ્તંભનો ટેકો રાખેલો છે, ઘણીખરી ગુફાઓની ખાસીયત એવી છે કે આગળના ઓટલાની ત્રણ બાજુએ ૧' થી ૧'૬" સુધી ઉંચી પથ્થરની પાટલી આવેલી છે. ઓટલાની બે ભીંતો ટોચ ઉપરથી એવી રીતે કોતરી કાઢવામાં આવી છે કે જેથી તે કમાટનો દેખાવ પ્રદર્શિત કરે છે, આમાં બૌદ્ધ અગર જૈન સાધુઓનો થોડો સામાન રહેતો, તેમનાં દ્વાર ઘણાં નાનાં છે; તેથી સાધુઓને પેટે ચાલી જવું પડતું, રાણીગુમ્ફા જેવી અગત્યની ગુમ્ફામાં પણ દ્વારનું માપ ૩'–૧૧" +૨ ' છે. ઘણી ખરી ગુફાઓમાં બારસાખો અંદરથી ઢાળ પડતી હોય છે. એ ગુફાઓ એવી નીચી છે કે કોઇ માણસ તેમાં સુખેથી રહી શકે નહિ. પણ તે સાધુઓને માટે હતી, કારણ કે તેમને દુનિયાથી અલગ રહીને ધ્યાનમાં પોતાની જીંદગી ગાળવાની હતી. તેથી તે સાધુઓને માટે યોગ્ય હતી. ઓરડાનાં ભોંયરાં લગભગ ૩" ના પાતળા પથ્થરના આંતરાથી જુદાં પાડેલાં છે.

ભોંયરાની ભીંતો ઉપર બૌદ્ધ દંતકથાનાં ચિત્રો તથા જૈનતીર્થંકરોનાં ચિત્રો ઉપસેલાં કાઢયાં છે. ઓટલાના સ્તંભો ઘણાજ સરળ છે અને તે ઉપરથી તથા નીચેથી ચોરસ તથા વચ્ચેથી અષ્ટકોણાકૃતિ છે. ઘણા કોતરેલા સ્તંભોનું વર્ણન ખંડગિરિ ટેકરીના જૈન ગુમ્ફામાં આપવામાં આવ્યું છે. સ્તંભોની કોરણો સીધી નથી પણ કાંઈક વાંકી ચુકી છે. આ સ્તંભોમાંથી બ્રૅકેટ્સ આગળ પડતા આવે છે અને તેમના ઉપર "મોટા સ્તન વાળી તથા પાછળ પડતા મુખ વાળી" સ્ત્રીઓની આકૃતિઓ છે. બ્રેકેટ્સ કોતરી કાઢેલા છે અને તેમની વચમાં બાકું છે. ઘણું ખરૂં, ઓટલાનું છાપરૂં પરસાળના છાપરાથી નીચું છે. (અપૂર્ણ.)

## ધર્મારાધન.

(યોજક—વકીલ નંદલાલ લલ્લુભાઈ, વડોદરા.)

દરેક મનુષ્ય પોતપોતાની માન્યતા પ્રમાણે કંઈ કંઈ રીતે ધર્મનું આરાધન કરે છે. પરમેશ્વર–ઇશ્વર–નું અસ્તિત્વ માનનાર અને નહી માનનાર પણ ધર્મારાધન કરે છે. માનનારા ઇશ્વરની આજ્ઞાનુસાર વર્તન કરે છે અને નહી માનનારા કુદરતના નિયમ પ્રમાણે ફરજ તરીકે નીતિના નિયમોનું પાલન કરે છે. દરેકની માન્યતામાં જો કે તફાવત હોય છે. તે તફાવત વ્યાજબી છે કે ગેરવ્યાજબી છે, એ જોવાની હાલ આપણને જરૂર નથી. જૈન શાસ્ત્રકારોએ ધર્મારાધન સંબંધે શું આજ્ઞા કરેલી છે, એટલા પુરતોજ વિચાર કરવા પ્રયત્ન કર્યો છે. ધર્મ શબ્દની વ્યાખ્યા જુદી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુદી રીતે કરવામાં આવી છે. તેની એક વ્યાખ્યા એવી છે કે દુર્ગતિમાં પડતા પ્રાણીને અટકાવે-ઝીલી રાખે એ ધર્મ. બીજી વ્યાખ્યા એવી છે કે-પ્રભુની આજ્ઞાનું પાલન કરવું, ને તે ધર્મ આજ્ઞાનું પાલન કરનાર-સેવનાર-આરાધક; અને તેનું ઉલંઘન કરનાર-વિરૂદ્ધ વર્તનાર-વિરાધક. આજ્ઞાનુસાર પાલન કરનાર આરાધક ભાવ પામી આત્મિક પ્રગતિ કરી આત્માનંદ-આત્મિક સુખશાંતિ મેળવી શકે છે ત્યારે વિરાધક ભાવવાળા પોતાની અધોગતિ પોતાના હાથે કરી સંસાર વધારી દુર્ગતિમાં જવાની તૈયારી કરે છે. ત્રીજી એવી પણ વ્યાખ્યા છે કે વસ્તુનો સ્વભાવ તે ધર્મ. ઈત્યાદિ.

દરેક ધર્મવાળા કોઈને કોઇપણ રીતે કર્મોનું અસ્તિત્વ સ્વીકારે છે. જેઓ જગતકર્ત્તા તરીકે ઈશ્વરને માનતા નથી તેઓ કર્મોને પ્રધાનપણું આપે છે. જેઓ જગતકર્ત્તા ઈશ્વર છે અને તેની ઇચ્છા વિના કંઇપણ થઇ શકતું નથી, એવું માને છે તેઓ કર્મોને ગૌણપણું આપે છે, પણ કર્મને તો માને છે જ. જગતકર્ત્તા ઇશ્વર છે, એવું માનનારા એમ જણાવે છે કે સારા અથવા માઠા કર્મનો બદલો ઈશ્વર આપે છે, સારા કર્મ કરનારને સુખ આપી છેવટે પોતાના રહેવાના સ્થાનમાં લઇ જાય છે, અને નઠારા કર્મ કરનારને દુઃખ આપી તે દ્વારે તેમને શિક્ષા કરે છે. જ્યારે જગતકર્ત્તા ઇશ્વર નથી એમ માનનારાઓની માન્યતા એવી છે કે, શુભાશુભ કર્મનો કર્ત્તા જીવ પોતે છે, અને તેના ફળવિપાક ભોગવનાર પણ તે પોતે છે. ગમે તેમ પણ બન્ને પક્ષવાળાઓને કર્મની માન્યતા કબુલ રાખ્યા શીવાય ચાલતું જ નથી, ત્યારે એ ઉપરથી એટલું પ્રતિપાદન થાય છે કે પોતે સુખી યા દુઃખી થવું એનો આધાર પોતાના શુભાશુભ કર્મ-કરણી-આચાર ઉપર છે. સારા કર્મ કરનાર અને નઠારાનો ત્યાગ કરનાર ધર્મી તરીકે, નઠારાં કર્મ કરનાર અને સારા કર્મનો ત્યાગ કરનાર અધર્મિ તરીકે ઓળખાય છે. તત્વદૃષ્ટિથી વિચારતાં એમ જણાય છે કે સારા કર્મ કરવાં । સ્વીકાર કરવો, અને નઠારાનો ત્યાગ કરવો એ દરેકની ફરજ છે. સારાસારનો વિવેક દરેકે પોતાની બુદ્ધિ પ્રમાણે કરવાનો છે કે કેમ એ પ્રશ્ન અહીં આગળ આવે છે. દરેક માણસ પોતાની માન્યતા પ્રમાણે પોતે જે કરે છે તે સારૂં કરે છે, એમ તેને લાગ્યા શીવાય તે કાર્ય કરવા તરફ તે પ્રયત્ન કરી શકે નહી. જો તેના મનમાં એમ આવે કે હું જે કાર્ય કરવાની ઇચ્છા રાખું છું તે કાર્ય નઠારૂં છે તો તે કરવાને તે ઉત્સાહવાન ન થઇ શકે એમ આપણને લાગે છે. એ કાર્ય સમાજની નજરમાં સારૂં છે કે નઠારૂં તે તરફ તેનુ લક્ષ હોતું નથી, તે તો તેની માન્યતા મુજબ તે કૃત્યને સારૂં માનીને જ તે કરવા પ્રવૃતિ કરે છે. વળી સમાજની નજરમાં તે સારૂં હો કે નઠારૂં હો. જીવોના વધ કરનાર, ચોરી કરનાર, અસત્ય બોલનાર વ્યભીચાર સેવનાર, વિશ્વાસઘાત કરનાર-ઠગનાર-દારૂ વિગેરેના વ્યસન સેવનાર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇત્યાદિ જે કૃત્યો, તે સમાજના સારા માણસો અથવા રાજ્ય કે શાસ્ત્રકારો નઠારાં કૃત્યો તરીકે ગણે છે, જે નઠારાં કૃત્યોને રાજ્યકર્ત્તાઓ ગુન્હા માને છે, અને તે સાબીત થયે તેની શિક્ષા કરે છે; એવાં કૃત્યો કરનાર કરતી વખતે અમે નઠારૂં કામ કરીએ છીએ એવું તેના મનમાં જરા પણ આવતું હોય તો તે કરતાં પાછો પડ્યા શીવાય રહેજ નહી. સારાસાર વિચાર કરતાં એમ લાગે છે કે સારાસારનો વિવેક કરવો એ પોતાની માન્યતા કરતાં તેની બુદ્ધિ ઉપર વધારે આધાર રાખે છે. જો તેણે સુશિક્ષા—સારી કેળવણી કે સમ્યગ્જ્ઞાન મેળવ્યું હશે તોજ તે સારા વિચાર કરી શકશે, નહીં તો તેનો તે વિચાર કરી શકશે નહીં; અહીં સમ્યગ્ જ્ઞાનનીજ વધારે કીંમત છે. થોડા વખત ઉપર ઇનિસાફનું કામ કરનાર એક ન્યાયાધીશને એક સેશન જજે રૂશવત-લાંચ-લીધા બદલ કેદની શિક્ષા કર્યાના સમાચાર વર્તમાનપત્રમાં વાંચવામાં આવ્યા હતા. જેમને સરકારે ઇનસાફનું કામ કરવાની સતા આપી શું તેઓ અજ્ઞાન હતા ? શું તેમણે કેળવણી લીધી ન હતી ? કેળવણી લઇ અમુક પદ્વિ મેળવ્યા શિવાય અને ન્યાયશાસ્ત્ર-કાયદાનો અભ્યાસ કરી તેમાં પાસ થયા શીવાય રાજ્યકર્તા ન્યાય કરવાનો અધિકાર આપતા નથી. એવા ન્યાયાધીશનો અધિકાર ધારણ કરવામાં સારાસાર વિચાર કરવાને જ્ઞાન ન હતું એમ કેમ કહી શકાય ? ભલે તેણે કેળવણી લીધી હતી અને તેનામાં જ્ઞાન હતું એમ આપણે માનીએ તોપણ તેનામાં સમ્યગ્જ્ઞાન ન હતું એમ તો આપણે બેધડક કહી શકશું. જો તેનામાં સમ્યગ્જ્ઞાન હોત તો તે કદી પણ પોતાના અધિકારનો દુરૂપયોગ કરી લાંચ રૂશવત લેત નહીં. આ ઉપરથી એટલી વાત સિદ્ધ થાય છે કે કેળવણીની સાથે સમ્યગ્જ્ઞાન-વાસ્તવીક જ્ઞાન મેળવવાની જરૂર છે. એ તત્વજ્ઞાનના અભ્યાસથી થાય છે. અસ્તુ: હાલ તો આપણો પ્રસ્તુત તે વિષય નથી. અહીં તો ધર્મારાધન કે ધર્મની આચરણા સંબંધી આપણે વિચાર કરવાનો છે.

ધર્મ આરાધન કરવાના બે રસ્તા જ્ઞાનીઓએ બતાવ્યા છે. (૧) સ્વીકારરૂપ. (૨) પરીહારરૂપ. સ્વિકારરૂપ એટલે શુભ કરણીનું સેવન કરવું ( આચરવું ) અને પરીહાર એટલે નિષિધનો ત્યાગ કરવો. સ્વિકાર કરતાં નિષિધ પક્ષ ઘણો લાભકારી છે. કેમકે તીર્થંકરે જે જે નિષેધ કરેલાં કારણો છે, તેને સેવન કરતાં ઘણા સુકૃતનું આચરણ કરે તોપણ વિશેષ લાભકારી થતું નથી, ( જુઓ શ્રી શ્રાદ્ધવિધિ પ્રકરણ ભાષાંતર પૃષ્ટ ૧૬૧ )

આ સ્વીકારૂપ ધર્મઆરાધન તથા પરીહારરૂપ ધર્મ આરાધન આ બન્નેનો ચૌભંગીની રીતે આપણે વિચાર કરશું તો તેના સ્વરૂપની વિચારણા કંઇ અંશે ઠીક થશે એમ લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) સ્વીકારરૂપ ધર્મઆરાધન. (૨) પરીહારરૂપ ધર્મારાધન. (૩) પરીહાર રહીત સ્વીકારરૂપ ધર્મારાધન, (૪) પરીહાર સહીત સ્વીકારરૂપ ધર્મારાધન.

સમાજમાં કેટલીક વ્યક્તિ એવા વિચારવાળી હોય છે કે આ જગતમાં પાપ પુન્ય જેવું તત્વ કંઇ છેજ નહી. ઈશ્વર નથી, સ્વર્ગ નથી કે નર્ક જેવું કંઇ નથી. જે છે તે આ દુનિયામાંજ છે. માટે ગમે તે રીતે દ્રવ્ય મેળવવું. પંચેંદ્રિયના વિષય ભોગ ભોગવવા. જે પ્રાણી, પદાર્થ, ઉત્પન્ન થાય છે તે કેવળ મનુષ્યના ભોગના માટે જ છે, માટે તેનો ભોગોપભોગ કરવો જ જોઇએ. કોણે કાલ દીઠી છે? ભોગવ્યા શીવાય બંધુ રહી જશે. માટે ઈચ્છામાં આવે તેવી પ્રવૃત્તિ કરવી. ઇચ્છામાં આવે તે ખાવું પીવું. રાત છે કે દીવસ છે. આ કરવા લાયક છે કે નથી એવો વિચાર કરવાની જરૂર નથી. ઇચ્છાઓનો રોધ કરીને વિના કારણ જીવાત્માને દુઃખવવો નહી. એવી એકાંત માન્યતાવાળા અને પોતાનીજ માન્યતા પ્રમાણે વર્તનાર શાસ્ત્ર કે જ્ઞાનીઓના કથન સાંભળવાની, જાણવાની ઈચ્છા શીવાયના જીવોના માટે કારૂણ્ય તથા મધ્યસ્થ ભાવના શીવાય આપણે કંઈપણ કરી શકીએ તેમ નથી, તેઓ ગમે તે માને ગમે તેવી રીતે વર્તે. પણ કર્મના–કુદરતના–કાયદાનું ઉલંઘન કરી વર્તવાથી કર્મના સબંધમાં સખ્ત નીયમ કે કુદરતના સ્વભાવના સપાટામાંથી તેઓ બચતા નથી જ. એવી રીતે સ્વેચ્છાચારી વર્તનવાળા જીવો પોતાના અધઃપતન કૃત્યોના ફળ ભોગવવાના પ્રસંગે ઘણા દુઃખી થતા જણાય છે, તેઓ તે પ્રસંગે પોતાના અવિચારી વિચારો અને કર્મોને માટે ઘણા પસ્તાય છે. પણ શું કરે? ભુલો કરીને અનર્થો કરેલા તે કંઇ ભુસાઈ જતા નથી. તેના ફળ વિપાક ભોગવ્યા સીવાય તેમનો છુટકો થતો નથી. વડીલોએ લાખો રૂપીયાની મીલકત મુકેલી પશ્ચાત વારસના હાથમાં આવ્યા પછી ધન અને યૌવનના મદમાં સ્વચ્છંદાચરણથી વર્તનારાઓને સર્વસ્વ ગુમાવી નોકર કે ચાકર તરીકે કામ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થએલા એવા દાખલા શું આપણને યાદ નથી? તેઓમાંના કેટલાક તો ગુન્હીત કૃત્યો કરી શીક્ષા ભોગવતા જણાય છે, જુવાનીના વખતમાં અત્યાચારોના સેવનના પરીણામે પરમીઓ, ટાંકી, ઇત્યાદી મહા વ્યાધીઓ ભોગવી રીબાઇ રીબાઇને મરતાં શું આપણે નથી જોતા? તેવા જીવોના માટે આપણને કારૂણ્ય ભાવના ઉત્પન્ન થાય છે!

અહીં આપણે જે વિચાર કરીએ છીએ તે જેઓ કંઇપણ અંશે ધર્મની ભાવનાવાળા છે તેમના માટે છે; ધર્મારાધનની ઇચ્છાવાળા અને તેનું સેવન કરનાર વસ્તુના સ્વરૂપનું જાણપણું થવાથી પોતાની પ્રગતિ કરવાને કંઇને કંઇ એવો ઉદ્યોગ કરશે. કેમકે તેમનામાં એટલો વિચાર તો ઉત્પન્ન થઇ ચૂકેલોજ છે કે આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગતમાં ધર્મ જેવું કંઈ તત્વ છે. ધર્મની જરૂર છે. પાપ પુન્ય જેવાં તત્વ જગતમાં છે. ભલે પછી તેમના આચરણ જુદા જુદા પ્રકારના હોય; તેવા જીવો જપ્રસંગ પ્રાપ્ત થતાં કારણ સામગ્રી મેળવી ઉંચ પ્રકારના વર્તન તરફ પ્રવૃત્તિ કર્યા શીવાય રહેનારજ નથી.

ધર્મારાધનની ઇચ્છા રાખનાર પ્રાણીઓના માટે કેટલાક આચારો જ્ઞાનીઓએ બતાવેલા છે. આપણી પ્રગતિનો આધાર આપણા આચાર વિચાર ઉપર છે. આચાર અને વિચારનો ઘણો નિકટ સબંધ છે. શુદ્ધાચાર, શુદ્ધ વિચારને ઉત્પન્ન કરનાર અને તેનો પોષક છે. તેમજ શુદ્ધવિચાર એ શુદ્ધાચારમાં પ્રવૃતિ કરાવનાર છે. તેથી ધર્મારાધનની ઇચ્છાવાળાએ પોતાના આચાર શું છે તે પ્રથમ જાણવા જોઇએ. આચાર જાણ્યા સીવાય શુદ્ધ ધર્મારાધન થઈ શકવું અશકય લાગે છે.

આચારના પાંચ ભેદ છે--જ્ઞાનાચાર--દર્શનાચાર--ચારિત્રાચાર-તપાચાર અને વિર્યાચાર. વાસ્તવીક આચારના પ્રથમના ચાર ભેદમાં વિર્યાચાર્યની મદદ તો ચારેમાં લેવાની હોય છે. જેઓ ઉત્સાહવાન હોય છે અને કંઇ પણ વિર્યશક્તિ પ્રગટ કરવાની ઇચ્છા ધરાવે છે, તેઓજ કંઇને કંઈ ઉદ્યોગપ્રવૃત્તિ કરે છે. નિર્માલ્ય થઈ બેશી રહેવું અને આળસમાં જીંદગી ગુમાવવી, એવી જેનામાં શક્તિ છે તેનાથી બની શકેજ નહી. વીર્યવાન માણસજ જગતમાં કંઇ કરી શકે છે. સ્વઉન્નતિ સાધી શકે છે. એ આચારોનું સેવન એ ધર્મારાધનનું પહેલું પગથીયું છે. ઉંચે ચઢવાની ઈચ્છાવાળો પગથીએ પગથીએ ચઢવાથી ઉંચે જઈ શકે છે તેમ ધર્મારાધનની ઇચ્છાવાળા પણ પગથીએ પગથીએ ઉપર ચઢવાથી શુદ્ધ ધર્મારાધન કરી શકશે. પાંચ પ્રકારના આચારનું સ્વરૂપ સમજવા માટે સ્વતંત્ર ગ્રંથ છે તેથી તેનું યથાર્થ સ્વરૂપ જાણવું જોઇએ. પણ અહીં એ વાત આપણે ધ્યાનમાં લેવાની છે કે ધર્મારાધનનું પહેલું પગથીયું જ્ઞાનાચારનું સેવન છે. જ્ઞાનાચારના સેવનપૂર્વક સમ્યક્જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરનાર ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજી શકે. અને યથાર્થ સ્વરૂપ સમજનાર યથાર્થ ધર્મારાધન કરી શકે. જેઓ સમ્યક્જ્ઞાન મેળવવા પ્રયત્ન કરતા નથી એવા જીવો શુદ્ધ ધર્મારાધનમાં શી રીતે પ્રવૃત્તિ કરી શકે ? એવા જીવો ધર્મારાધન કરવામાં પોતાનો વખત કાઢે, શારીરીક તપસ્યા કરે, ધર્મ નિમિત ધન વાપરે, પણ સમ્યક્જ્ઞાનના આરાધનપુર્વક એટલી પ્રવૃતિ કરનાર આત્મિકશુદ્ધિ જેટલે અંશે કરી શકે યા પુન્ય બાંધી શકે તેટલા પ્રમાણમાં તે જીવ ફળ પ્રાપ્ત કરી શકે નહી એમ આપણને લાગે છે.

અહીં આપણે એક વાત વિચાર કરવા લાયક છે. ધર્મારાધનનો મુખ્ય હેતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મિક વિશુદ્ધતા–નિર્મળતા–કરવાનો અને વધારવાનો છે. આત્મિક નિર્મળતાને માટે ધર્મારાધનના તમામ અંગો નિમિત કારણરૂપ છે. ઉપાદાન કારણ આપણો પોતાનો આત્મા છે. અનાદિકાળથી ભવભ્રમણ કરનાર આત્મા શુદ્ધ નિમિત્ત પામી આત્મિક નિર્મળતા કરવાનો ઉદ્યમ કરે એજ ધર્મારાધન છે, એ ઉદ્યમ ક્રમથી કરવાનો છે, મનસ્વી તરંગો પ્રમાણે કરવાનો નથી. ક્રમથી ધર્મારાધન કરવામાં સમ્યક-જ્ઞાનનો અભ્યાસ કરવાની પહેલી ફરજ પડે છે. સ્વેચ્છાચારથી વર્તનાર લેભાગુ કંઇ સાંભળી વાંચી પોતાના તરંગો પ્રમાણે ધર્મના ફરમાનોનો અર્થ કરી ધર્મારાધન કરવાની માન્યતા કરાવવા મથે છે તેઓ માનદશામાં ઘેરાઇ જાય છે, અને પોતાનો કક્કો ખરો કરવાને પ્રયત્ન કરે છે. પણ માન એ કષાય છે અને કષાયો યથાર્થ ધર્મ સ્વરૂપ સમજવામાં અડચણ–અંતરાય કરનાર છે, એ તેમના લક્ષમાં એકદમ આવતું નથી. માટે ધર્મારાધનની ભાવનાવાળાએ પ્રથમ જ્ઞાન મેળવીને ધર્મારાધન કરવાની પ્રવૃત્તિ કરવી એ વાત નક્કી થાય છે. જ્ઞાનવાન જ સ્વીકારરૂપ ધર્મ અને પરીહારરૂપ ધર્મના ભેદ સમજી સમ્યક્ રીતે આરાધન કરી શકશે.

સ્વીકારરૂપ ધર્મારાધન કરવાની ઇચ્છાવાળા ફક્ત શુભ કરણી કરવાની જ ઇચ્છા રાખી તેના માટે પ્રવૃત્તિ કરે, અને તેની સાથે પરીહારરૂપ ધર્મારાધન તરફ દુર્લક્ષ રાખે તો સ્વીકારરૂપ ધર્મારાધન યથાર્થ ફળદાયી નિવડી શકે નહીં. સ્વિકારરૂપ ધર્મારાધનમાં દાન દેવું. દેવદર્શન, પૂજન વંદન, સામાયિક પ્રતિક્રમણ, દેશાવગાશિક–પૌષધ, નૌકારશી પ્રમુખ તપ ઇત્યાદિ તથા સમ્યક્ ક્રિયાઓ તથા સદાકાળ શુભ ઉપયોગમાં વર્તવાપણું, આવી જાય છે. આ સ્વીકારરૂપ ધર્મ આરાધનનું સ્વરૂપ ચોભંગી પૈકી બાકીની ત્રણનું સ્વરૂપ સમજવાથી વધારે સ્ફુટ રીતે આપણને સમજાશે.

અપૂર્ણ.

ॐ

# योग स्वरुप.

( નાથ કૈસે ગજકો બંધ છુડાયો—એ ચાલ, )

ધરો ભાવ યોગ નિરંતર ઘટમે, જેથી મોક્ષ મળે ઝટપટમે. ધરો૦
યોગ એહ જે મોક્ષ નિપાવે, ઇષ્ટ આચરણજ એહ,
સ્થાન વર્ણ અને અર્થ આલંબન, એકાગ્રતા પંચ જેહ; ધરો૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મ યોગ દ્વિવિધે કહ્યો છે, જ્ઞાન યોગ ત્રિવિધે,
વિરતિપણે નિશ્ચયથી હોવે, અન્યમાં બીજ પ્રબોધે; ધરો૦
કૃપા નિર્વેદ સંવેગ પ્રશમતણું, ઉત્પત્તિ સ્થાનજ એ છે;
ઇચ્છા પ્રવૃત્તિ સ્થિરતા સિદ્ધિ ક્રમથી એ ચાર કહે છે. ધરો૦
તદ્વત્ કથામાં પ્રિતિ તેને, ઇચ્છા યોગી કહિયે;
વિધ વિધ વૃતનું આસેવન જેને, પ્રવૃતિ યોગી સહિએ. ધરો૦
બાધક સર્વની બીક નહિં તે, સ્થિર યોગી આ જગમાં;
અન્યના અર્થ તણું આલંબન, સિદ્ધિ યોગી ગણો મનમાં. ધરો૦
ચૈત્યવંદન આદિ સર્વ ક્રિયામાં, સ્થાન વર્ણે કરો યત્ન;
અર્થ આલંબન સ્મરણ કરતાં, યોગી આનંદ વરે રત્ન. ધરો૦
આલંબન તણા ભેદ કહ્યાં બે, રૂપી અરૂપી ઇષ્ટ;
અરૂપી ગુણમાં લય થાવું, એહ આલંબન રીષ્ટ. ધરો૦
પ્રિતિ ભક્તિ વચનને અસંગે, સ્થાન આદિ યોગ સેવે;
તેહથી પ્રાપ્તિ અયોગ યોગની, ક્રમથી મોક્ષ પદ લેવે. ધરો૦
તિર્થ ઉચ્છેદ આદિ આલંબન, કોઇ પ્રસંગે જો થાવે,
તો પણ સ્થાનાદિથી રહિતને, સૂત્રદાન નહિ પાવે. ધરો૦

( જીજ્ઞાસુ ઉમેદવાર—મુંબઇ. )

# દેવગુરૂ અને ધર્મ પ્રત્યે કેવો અવિહડ પ્રેમ હોવો જોઇએ ?

(ગતાંક પૃષ્ટ ૧૯૮ થી શરૂ.)

લેખક—મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

૧૩ પૂર્વકૃત પુન્યજોગે આ માનવ ભવાદિક દુર્લભ સામગ્રી પામ્યા છતાં જો પુન્યકરણીનો અનાદર કરવામાં આવશે તો શુભગતિ શી રીતે મળશે ?

૧૪ ક્ષણે ક્ષણે આવખું ખૂટતું જાય છે, લક્ષ્મી યૌવન અને જીવિત કુટુંબાદિક સઘળા અસ્થિર છે, તે સઘળું છોડી ક્ષણવારમાં જવું પડશે, ચેતી શકાય તો ચેતી લે!

૧૫ જે જે ક્ષણ, શ્વાસોશ્વાસ, ઘડી, દિવસ, માસ પ્રમુખ ધર્મ કરણીમાં જાય છે તે લેખે થઇ શકે છે, આળસ કરી બેસી રહેનારને સઘળું અલેખે જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૬ જે જે કિંમતી ક્ષણો જાય છે તે પાછી નહિ આવશે, ૨. સમજી ચેતી શકાય તો ચેત !

૧૭ મદ, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એ પાંચે પ્રમાદ જીવ પાયમાલી કરે છે, અને સંસારમાં રઝળાવે છે. સ્વચ્છંદવર્તન માત્ર પરિણામે દુઃખદાયક છે.

૧૮ ચિન્તામણિ રત્ન, કામકુંભ, કામધેનુ અને કલ્પદ્રુમ સમાન શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મ ઉપર દૃઢ વિશ્વાસરૂપ સમકિત મેળવવા ખૂબ પ્રયત્ન કરવો.

૧૯ કુદેવ, કુગુરૂ અને કુધર્મ પ્રત્યે આસ્થારૂપ મિથ્થાત્વ અવશ્ય તજવું જોઇએ.

૨૦ મિથ્યાત્વરૂપ ઉગ્ર વિષ વમ્યા વગર–શુદ્ધ શ્રદ્ધાનો સંચાર થઇ શકશે નહિ.

૨૧ શમ, સંવેગ, નિર્વેદ ( વૈરાગ્ય ) અનુકંપા અને આસ્તિક્તા એ સમકિતનાં પાંચ લક્ષણ છે તેમજ વીતરાગ–સર્વજ્ઞના વચનમાં શંકા, પરમતની વાંચ્છના ધર્મના ફળમાં સંદેહ, મૂઢમતિની પ્રશંસા અને તેનો પરિચય એ તેમાં પાંચ દૂષણ છે.

૨૨ શુદ્ધ દેવ ગુરૂ ધર્મની ત્રિકરણ શુદ્ધિથી.સેવા કરવા વડે સમકિત નિર્મળ થાય છે.

૨૩ સમકિતવંતનું જ્ઞાન સફળ થાય છે અને મિથ્યામતિનું અફળ જાય છે. સમકિતવંતને જ્ઞાન અમૃત થઇ પરિણમે છે, અને મિથ્યામતિને વિષરૂપે પરિણમે છે.

૨૪ સમકિતવંતે પ્રમાદ તજીને શાસ્ત્ર સંબંધી શ્રવણ મનન અને પરિશીલન કરવાનું ખાસ વ્યસન પાડી દેવું જોઇએ. તે ધારે તો મંદબુદ્ધિવાળા અન્ય જનોને તેનો બોધ પણ કરી શકે.

૨૫ "અવસર પામી આળસ કરશે તે મુરખમાં પહેલોજી; ભૂખ્યાને જેમ ઘેબર દેતાં હાથ ન માંડે ઘેલોજી." એ ન્યાયે આવેલો અમૂલ્ય અવસર સફળ કરી લેવો ઘટે છે.

૨૬ કુગુરૂની સંગતિ તજી સુગુરૂની સંગતિ કરી સદુપદેશ દીલમાં ધારવાથી આપણી અનાદિની કઇક કુટેવો સુધરી શકે છે, તેથી તેવો સમાગમ શોધી લઇને સાર્થક કરવો.

૨૭ શુદ્ધ દેવ ગુરૂની સેવા–ઉપાસના ( ભક્તિ ) કરવાનો ખરો અંતરંગ હેતુ તેમનામાં પ્રગટી રહેલા અનંત જ્ઞાન, દર્શન, ચારિત્રાદિક ગુણો આપણામાં પ્રગટી નીકળે એ છે. એ મુદ્દાની વાત ખૂબ લક્ષમાં રાખીનેજ તેમની આજ્ઞાનું આરાધન–પાલન કર્યા કરવું.

૨૮ નમે છે આંબા આંબલી, નમે છે દાડમ દ્રાખ,<br>એરંડ બિચારો શું નમે ? જેની ઓછી શાખ. } નમે તે પ્રભુને ગમે.

૨૯ જેમનું મુખ સદા સુપ્રસન્ન રહે છે, હૃદય દયાર્દ્ર (દયાથી અત્યંત ભીનું) રહે છે, વચન અમૃત જેવું મધુર હોય છે અને કાયા પરોપકાર કરવા તત્પર રહે છે એવા આનંદિત અને અનુકંપાવંત ઉત્તમ જનો કોને વંદવા યોગ્ય ન હોય ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૦ આંબાં જેવાં ફાલેલાં વૃક્ષો નમી-લળી પડે છે તેમ સુગુણ જનો (સજ્જનો) પણ જેમ જેમ ગુણમાં વૃદ્ધિ કરતાં જાય છે તેમ તેમ નમ્રતા ધારે છે. એજ પ્રભુતા પામવાનો સરળ માર્ગ છે. (અપૂર્ણ.)

# एक आर्यसमाजका मृषावाद.

आर्य प्रकाश महा सूदि ६ संवत १९७३ ता. २८ जान्युआरि १९१७ के अंकमें एक किसी मिथ्याभिमानी लेखने प्रातः स्मणीय जैनाचार्य श्रीमद्विज्य कमल सूरीश्वरजी महाराज पर....( अमे वेद अने इश्वरने मानीये छीये ) यह मिथ्याआरोप देकर श्रीमद् व्याख्यान वाचस्पति मुनिश्री लब्धिविजय महाराजसें " नरसंडा, वडताल, नडीआद " आदि नगर निवासी सेंकडो सज्जन पुरुषोंकी सभामें आर्यसमाजीयोंका तथा उनके पंडितजीका जो पराज्य हुवाथा उस बातको छिपानेके वास्ते मिथ्यालेख लिखकर " मीयांजी गिर गये मगर टांग उचीकी उची " इस कहवतके अनुसार अपने कदाग्रह झाहिर कीया है. क्यों-की श्रीमान सूरीश्वरजी महाराजके प्रमुखपणा नीचे श्रीमद् वाचस्पतिजी महाराजका वहांके जैन व जैनेतर लोगोंके अति आग्रहसे " मूर्ति पुजन ओर मुक्तिसें जीव वापीस (पाछा) नहीं आशक्ता है" इन दो विषयोंपर प्रसिद्ध व्याख्यान हुवाथा. जिसको सुनकर वहांकी आर्य समाजकी तर्फसे दो महाशय उठ कर वाचस्पतिजीसे पूर्वोक्त विषयोंपर वादविवाद करने लगे, अन्तमें श्रीमद् वाचस्पतिजीकी पूर्ण विद्वतावाळी युक्तियोंके आगे उनको निरुत्तर होना पडा. अन्तमें समाजको विसर्जन करते हुए यह कहा गयाकी कलभी इनही विषयोंपर दुपहारको व्याख्यान होगा और साथही आर्यसमाजीयोंसे यहभी कहा गयाथाकी अगर तुम शास्त्रार्थद्वारा सत्यतत्वका निर्णयकरना चाहते हो तो अपने अछेसे अछे विद्वानको बुलालो. दुसरे दिन भी इसी तरह श्रीमान् सूरीश्वरजी महाराजके प्रमुखपणा नीचे व्याख्यान प्रारंभ हुआ. उस समय आर्यसमाजकी तर्फसे बहारसे आये हुए पंडितजी भी एक तरफ प्लेटफारम जगा कर बैठे हुए थे, अनुमान आधे घंटेके व्यख्यान श्रवण करनेसेही पंडितजी समज गये कि मूर्तिपूजन और मुक्तिसे जीव ( पाछा ) वापीस नहीं आ सकता है इन विषयोंको पुष्ट करनेवा-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वाली जो जो युक्तियें देरहे है इसका जवाब देना कठिन है. इस लिये उठकर पंडितजीने प्रातः स्मर्णीय श्रीमन्महावीर स्वामी आदि तीर्थंकर जगतमें अत्यन्त पूजनीय है तथा पवित्र अत्र विराजमान साधु मूर्त्तियोंको देख कर मुझे हर्ष होता है. इत्यादि चाटु वचनोसे श्रीमद् व्याख्यान वाचस्पतिजीकी दी हुइ युक्तियोंका यद्वातद्वा ( उल्टसुलट ) उतर देने लगे. पाठकजन यह न समजें कि पंडितजी शान्त व गुणानुरागी थे किन्तु चाटु बचनोंसे खुश करके शास्त्रार्थसे अपना पल्ला छोडना चाहतेथें इसके बाद श्रीमान् सूरीश्वरजी महाराजकी आज्ञानुसार श्रीमद् वाचस्पतिजीने अकाट्य ( मजबूत ) युक्तियोंसे मुक्तिसे जीवका पुनरागमन नहीं होता. इस सिद्धान्तको पुनरसिद्ध किया. जिसका उतर आर्यसमाजके पंडितजी कुछ भी नहीं देसके. इस बातको छिपाकर लेखकका यह लिखना कि मुनि लब्धिविजयजी ( अमे पण वेद अने इश्वरने मानीये छीये ) ये शद्ध बोले थे व अत्यन्त असत्य है क्योंकि श्रीमद् वाचस्पतिजीके मुखसे ये बिलकुल नहीं निकले है, मात्र यह लेख लिखकर लोगोंको धोका दिया है. अन्तमें श्रीमद् वाचस्पतिजीने जब पंडितजीको मुक्तिसे जीव वापीस नहीं आ सकता है इस विषयमें चुप करादिया तब वहांके गुणानुरागी हेड मास्टरजीने खडे होकर कहाकि मुक्तिसें जीव वापीस नहीं आसकता है इस बातको जैन मुनिजीने अनेक मजबुत दलिलोंसें सिद्ध कर दिखाया है और आर्यसमाजके पंडितजी एक युक्तिसे भी स्वासिद्धजलको सिद्ध नहीं कर सके है अब किस बातकी चर्चा होनी चाहीये उस वखत पब्लीकने यही उत्तम दियाकि अब मूर्ति पूजाके विषथमें यथार्थ शास्त्रार्थ होना चाहीये. क्योंकि मुक्तिके विषयमे पंडितजी निरुत्तर होकर अपने पराज्यको समजते हुए भी इधर उधरकी बातें बनाकर नाहकमें हमारे समयको व्यर्थ नष्ट करते है अतः इस विषयको छोडकर मूर्त्ति पूजाके विषयको चलाना चाहिये. पब्लीकले इन शब्दोंको सुनकर क्रोधित होकर आर्यसमाजके पंडित एकदम कूद पडे और कहने लगे कि अय सनातनी भाइयो ! ये जैन लोग इश्वरको नहीं मानने है नास्तिको वेद निंदकः इत्यादि असभ्य बोलकर चूप रहे. तब श्री वाचस्पतिजीने कहाकि हम इश्वरको मानते है, कौन कहता है कि जैन लोग ईश्वरको नहीं मानहे है. हाँ ! जैनी निष्कलंक इश्वर परमात्माको मानते है, नहि कलंकिको. बाकी जैनको नास्तिक कहना

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



महा मुर्खता है क्योंकि पंडितजीकी तरह जैन लोग भी कह सकते है कि नास्तिको जैन निन्दकः " इससे क्या सिद्ध हुए देखिये पाणीनीय कृत अष्टाध्यायी अ० ४ पा. ४ सु. ६० " अस्ति नास्ति दिष्टंमतिः " इस सुत्रकी टीका में भट्टोजी दिक्षित लिखते हैं कि जो परलोकको माने सो आस्तिक, जो परलोकको नहीं मानता है वो नास्तिक है इत्यादि अनेक बातोंसे पंडितको निरुत्तर किया तोभी सनातनीयोंको स्वपक्षमें लेनेके लिये प्रस्तुत विषयको छोडकर अन्यान्य ऐसे २ प्रश्न करने लगे कि जिससे सनातनीयोंके सिद्धान्तका खंडत हो वे तब श्रीमद् वाचस्पतिने यही उत्तर दियाकी यहांपर कोइ सनातन पंडित प्लेटफारमपर उपस्थित नहीं है अतः इनसे हमारा विवाद नहीं है तुम आर्यसमाजकी तरफसें प्लेटफारमपर खडे हो इस लिये तुमसे विवाद है इतना कहकर अनेक युक्तियोंसे मूर्त्तिपूजा सिद्ध की. तब पंडित बोले हाय! हमारे सनातनी भाइयों मे मूर्त्तिपूजाका रीवाज वेदमें नहीं होनेपर भी जैनीयोंसे आया है तब वाचस्पतिजीने कहा के--

त्र्यंबकंयजामहे सुगन्धिपुष्टिवर्धनं दुर्वारूक मिवबन्धन्मृत्युमुक्षीयमामृतात.

यजुर्वेदकी इस श्रुतिको सुनाकरके पंडिजीको निरुतर कीया इस बातको छिपा करके किसी एक मिथ्या लेखने आर्यप्रकाश नामक छापेमें कैसि मिथ्या बात छपवाइ है कि " लब्धिविजयजी बोल्या के बधी मूर्तिओनी पुजा करवाथी पुन्य थाय छे " श्रीमद् वाचस्पतिजीकातो मात्र यही कहनाथा कि तुम्हारे वेदमें " त्र्यंबक यजामहे " इस श्रुतिका यह अर्थ होता है कि हम तीन नेत्रवाले सुगन्धि युक्त पुष्टि करनेवाला महादेवकी पुजा करते हैं यह अर्थ वेद सिद्धान्तानुकुल किया गया था नाकि हमने स्वीकार कीया था. क्योंकि जैन मतावलंबियो का यह सिद्धान्त जगजाहिर है कि वे वीतरागदेवकी मूर्तिको मानते है और शास्त्रार्थमें जो महादेव आदिका पुजन वेदसें सिद्ध किया था उससे वह सिद्ध नहीं होता है कि जैनलोग मानते है. बस सिद्ध हुआ कि लेखकने आर्यप्रकाश में वृथा विलाप किया है इस लिये पाठकजनोंको उस लेखको पढ कर भ्रममें पडना योग्य नहीं है.

**लेखक मुनि-गंभिरविजयजी—महुधा.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માનવંતા ગ્રાહકો ભેટની બુકનો સ્વીકાર કરી લેશે જ, એમ અમોને સંપૂર્ણ ભરોસો છે. **છતાં અત્યારસુધી ગ્રાહક રહ્યા છતાં ભેટની બુકનું વી. પી. જે ગ્રાહકોને પાછું વાળવું હોય, અથવા છેવટે બીજા બ્હાનાં બતાવી વી. પી. ન સ્વીકારવું હોય તેઓએ મહેરબાની કરી હમણાં જ અમોને લખી જણાવવું, કે જેથી નાહક પોસ્ટના પૈસાનું નુકશાન સભાને ખમવું પડે નહિ તેમ જ અમોને તથા પોસ્ટખાતાને નકામી તસ્દીમાં ઉતરવું ન પડે. એટલી સુચના દરેક સુજ્ઞ ગ્રાહકો ધ્યાનમાં લેશે એવી વિનંતિ છે.**

એક માસ પછી અમારા અમારા આ માસિકના માનવંતા ગ્રાહકોને સદરહુ ગ્રંથ લવાજમના લેણા પુરતા પૈસાનું વી૦ પી૦ કરી દર વર્ષ મુજબ ભેટ મોકલવામાં આવશે. જેથી પાછું વાળી જ્ઞાન ખાતાને નુકશાન નહીં કરતાં દરેક સુજ્ઞ ગ્રાહકો સ્વીકારી લેશે એવી વિજ્ઞપ્તિ છે.

---

**તૈયાર છે !** **"જૈન ઐતિહાસિક ગ્રંથ."** **તૈયાર છે :**

## शत्रुंजय तीर्थोद्धार प्रबंध.

### ( સંસ્કૃત ગ્રંથ. )

### संपादक—मुनिराज श्री जिनविजयजी महाराज.

તિર્થાધિરાજ શ્રીશત્રુંજયના વર્ત્તમાન ઉદ્ધારના કર્ત્તા પ્રભાવક **શ્રીકર્માશાહ**ના સુનામથી કયો જૈન અજાણ્યો હશે? તેમજ તે મહાપુરૂષના પવિત્ર જીવનવૃત્તાંત જાણવા માટે કોણ ઉત્સુક નહિ થાય? આ પ્રબંધમાં એજ મહાપુરૂષનું વિસ્તૃત વૃત્તાંત આપવામાં આવ્યું છે. કર્માશાહ કોણ હતા ? કયાં રહેતા હતા ? શી રીતે તેમણે આ ઉદ્ધાર કર્યો વિગેરે બાબતો જાણવી હોય તો આ પુસ્તક ચરિત્ર વાંચો. આ પ્રબંધના કર્ત્તા ખુદ તે વિદ્વાન્ છે, કે જેમણે એ ઉદ્ધાર કાર્યમાં સર્વથી મુખ્ય ભાગ ભજવ્યો હતો. શ્રીશત્રુંજય તીર્થનું આધુનિક અને પ્રાચિન પ્રમાણિક વર્ણન વાંચવું હોય અને તીર્થાધિરાજના મહત્વનું જ્ઞાન કરવું હોય તો એકવાર આ પુસ્તક અવશ્ય વાંચવું. આના પ્રારંભમાં સંપાદકે ૮૦ પૃષ્ટ જેટલી વિસ્તૃત ભૂમિકા, રસીલી હિંદી ભાષામાં લખી છે, જેમાં અનેકાનેક ઐતિહાસિક હકીકતો લખવામાં આવી છે. પ્રારંભમાં આદિનાથ ભગવાન્‌ના મહાન્ મંદિરનો સુંદર ફોટો પણ આપવામાં આવ્યો છે. કાગળ, છપાઇ, બાઇંડીંગ વિગેરે સર્વે ઉત્તમ પ્રકારનું કરવામાં આવ્યું છે. કિંમત માત્ર ૧૦ આના, પોસ્ટેજ જુદું.

---

### મહોપાધ્યાય શ્રી શાન્તિચંદ્રગણિ કૃત.

### [સંસ્કૃત ગ્રંથ.

## कृपारस कोश.

આ પવિત્ર ગ્રંથ તેજ છે કે જેના શ્રવણથી ખુશી થઈ મહાન્ મુગલ સમ્રાટ્ અકબર બાદશાહે પોતાના વિશાળ રાજ્યમાં સાલ ભરમાં છ મહિના સુધી જીવહિંસા બંધ કરી હતી અને જૈનધર્મનું બહુ માન કરી જગતમાં ખ્યાતિ વધારી હતી. તેજ આ कृपारस कोष ગ્રંથ છે જે છપાઇ તૈયાર થયો છે. આ મહાન્ ગ્રંથના સંપાદક જૈન ઇતિહાસ પ્રેમી અને વિદ્વદ્રત્ન **મુનિરાજ શ્રી જિનવિજયજી** મહારાજ છે, પુસ્તકના પ્રારંભમાં એક લાંબી પ્રસ્તાવના ઉક્ત મહાત્માએ રસીલી અને આકર્ષક હિન્દી ભાષામાં, ઘણી ખુબી ભરેલી અને આકર્ષક રીતે લખવામાં આવેલી છે. બાદશાહે સૂરિજી મહારાજને જે જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાન ફરમાનો—સનંદો આપી છે. તેની વિશ્વસનીય ઈંગ્રેજી નકલો હિન્દી ભાષાંતર સહિત આપવામાં આવેલ છે. સાથે ઘણી જ મુશ્કેલીથી અને ઘણો જ ખર્ચ કરી મૂળ ફારસી ફરમાનોના સુંદર અને મ્હોટા બે ફોટોગ્રાફ્સ ( છબીઓ સાથે આપવામાં આવેલ છે, કે જે આજસુધીમાં કોઇપણ સ્થળે પ્રગટ થયા નથી. અકબર બાદશાહની મ્હોરનો પણ એક ફોટોગ્રાફ આપવા સાથે ગ્રંથના પ્રારંભમાં શ્રીહીરવિજયજીસૂરિ અને બાદશાહનો દર્શનીય ફોટોગ્રાફ આપવામાં આવ્યો છે.

આખો ગ્રંથ ઉંચા અને જાડા આર્ટપેપર ઉપર બ્લુ અને લાલ એમ ડબલ રંગમાં, સુંદર ટાઇપમાં છપાવવામાં આવેલ છે. કિંમત રૂ૧-૦-૦ પોસ્ટ જુદું, ઘણી થોડી નકલો સિલિકમાં છે.

## विज्ञप्ति त्रिवेणि.

### ( સંસ્કૃત ગ્રંથ )

આ સંસ્કૃત ગ્રંથ **જૈન ઐતિહાસિક** સાહિત્યનો હોઇને આવી જાતનું પુસ્તક જૈન સાહિત્યમાં તો શું પરંતુ સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં પણ હજુસુધી પ્રગટ થયું નથી. ઐતિહાસિક દૃષ્ટિએ આ ગ્રંથ ખરેખર મહત્વનો છે. તેમાં આવેલા વૃત્તાંત જૈન સમાજની તત્કાલિનસ્થિતિપર કેવું સરસ અજવાળું પાડે છે. તે આ ગ્રંથનું અવલોકન કર્યે માલમ પડે તેવું છે.

આ ગ્રંથના સંપાદક શ્રીમાન્મુનિરાજશ્રી **જિનવિજયજી** મહારાજ છે. આઠ ફોર્મના ગ્રંથ ઉપર ૧૨ ફોર્મની પ્રસ્તાવના લખી જૈન ઇતિહાસ ઉપર ઉકત મહાત્માએ સારૂં અજવાળું પાડેલું છે. કિંમત ( કપડાનું પુઠું ) રૂ. ૧-૦-૦ ( સાદું બાઇડીંગ ) રૂ. ૦-૧૪-૦ ( અમારે ત્યાંથી મળશે. ) પોસ્ટેજ જૂદું.

## કુવલયમાલા કથા.

### ( સંસ્કૃત ગ્રંથ. )

આ ગ્રંથના પ્રણેતા શ્રીમાન રત્નપ્રભસૂરિ છે. આ ગ્રંથ કથાનુયોગનો ઘણોજ રસિક છે. બહુ જ રસિક ચરિત્રોનું વર્ણન આ ગ્રંથમાં આપવામાં આવેલું છે. કષાયો પ્રાણીને સંસારમાં કેવી રીતે રખડાવે તેનો અદભુત ચિત્ર આપવામાં આવેલું છે. એક વાર શરૂ કર્યા પછી પૂર્ણ કર્યા સિવાય હાથમાંથી આ ગ્રંથ છોડવાનું મન થતું નથી, સાથે સુંદર બોધ પણ આપેલો છે. એકંદર રીતે ઉત્તમ પંક્તિનો ગ્રંથ છે. અને તે **સરલ સંસ્કૃત ભાષામાં** હોવાથી કોલેજ કે પાઠશાળામાં કે ઘેર બેઠા અભ્યાસ કરતા સંસ્કૃતના અભ્યાસીઓ—વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ખાસ ઉપયોગી છે. ઉંચા એન્ટીક પેપર ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર ટાઇપથી છપાવી સુંદર બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત માત્ર રૂ. ૧-૮-૦ પોસ્ટેજ જુદું.

### પુસ્તક પહોંચ.

૧ શ્રી પ્રવચન પૂજક સભાનો સં. ૧૯૬૫ ના જ્યેષ્ટ વદ ૫ થી સં. ૧૯૭૨ ના આશો વદ ૦)) સુધીનો રીપોર્ટ.

૨ શ્રી મહુવા પાંજરાપોળનો રીપોર્ટ. સં. ૧૯૭૧ થી સં. ૧૯૭૩ ના પોષ શુદ ૧૫ સુધી.

### આ માસમાં નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

શાહ છોટાલાલ ચતુરદાસ રે૦ છોટાઉદેપુર. પે. વ. વા. મેમ્બર.

For Private And Personal Use Only